મહેરબાન જામનગરના નવમા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. જામનગર.

(જુનો નંબર– સ્પેશ્યલ દીવાની મુકદમા નં. ૧૩૮/૧૯૯૯)

નવો નંબર – રેગ્યુલર દીવાની મુકદમા નં. ૬૭૨/૨૦૦૨

આંક :–

<u>વાદી :–</u>

૧. બાવનજીભાઈ ઉર્ફે બાવા મનજીભાઈ ધામેલીયા,

(તા.૧૨/૦૩/૨૦૦૩ – ચાલુ દાવે અવસાન પામેલ છે)

ઉ.વ. ૭૦, ધંધો– ખેતી, મજુરી.

(વાદી નં.–૧ નું ચાલુ દાવે તા. ૧૨/૩/૦૨ ના રોજ અવસાન થતા વાદી નં. ૨–૩–૪ વાદી નં.–૧ ના લીગલ રીપ્રેન્ટીવ તરીકે આંક–૫૨ કરેલ હુકમ આધારે સુધારો કરવામાં આવેલ છે.)

૨. ધીરજલાલ બાવનજી ધામેલીયા,

ઉવ. ૪૪,ધંધો – મજુરી,

૩. રતીલાલ બાવનજી ધામેલીયા ઉર્ફે રમેશ બાવનજી ધામેલીયા,

ઉ.વ. ૪૦,ધંધો – મજુરી,

૪. રુક્ષ્મણીબેન બાવનજી ધામેલીયા

(તા.૧૫/૧૨/૨૦૦૯ – ચાલુ દાવે અવસાન પામેલ છે)

ઉ.વ. આ. પુખ્ત,ધંધો –ગૃહકાર્ય,

તમામ રહેવાસી કૃષ્ણનગર શેરી નં.–૪, શ્રીજી નીવાસ

શંકરટેકરી ઉધોગનગર, જનતા સોસાયટીની બાજુમા,

જામનગર.

<u>વિરુધ્ધ</u>

<u>પ્રતિવાદી :–</u>

૧. મગનલાલ બાવનજી ધામેલીયા,

ઉ.વ. ૪૯, ધંધો એસ.ટી.મા નોકરી

ઠે. કૃષ્ણનગર શેરી નં.–૪ જામનગર.

૨. સમજુબેન બાવનજીભાઈ ધામેલીયા,

ઉ.વ. ૪૭, ધંધો –ગૃહકાર્ય

ઠે. C/o છગનભાઈ કડવાભાઈ ભંડેરી,

ગામ ભાદરા, તા. જોડીયા.જી.જામનગર.

૩. નીર્મળાબેન બાવનજીભાઈ ધામેલીયા,

ઉ.વ. ૪૦, ધંધો ગૃહકાર્ય,

C/o. નરેશ સવજીભાઈ લીબાસીયા,

જલાની જાર, જામનગર

૪. જયશ્રીબેન બાવનજીભાઈ ધામેલીયા,

ઉ.વ. ૩૫, ધંધો ગૃહકાર્ય,

ઠે. C/o હસમુખભાઈ દેવરામભાઈ મારકણા,

મવડી પ્લોટ પટેલ બોર્ડીગની બાજુમા, રાજકોટ,

દાવોઃ– ડેકલેરેશન –મનાઈહુકમ તેમજ પાર્ટીશન માટે.

આ કામના વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છેકે, વાદી બાવનજીભાઈના પિતા મગનજીભાઈ જગાભાઈ તથા પ્રેમભાઈનાઓ ગુજરી જતા તેઓના વારસદાર તરીકે ત્રણ પુત્રો બાવનજીભાઈ જીવરાજભાઈ અને રામજીભાઈ જામનગર જીલ્લાના હડમતીયા ગામે ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર ૨૩૨ અને અન્ય જમીન આવેલ હતી તેમા ૧૯૬૦ ના અરસામાં ભાઈઓ ભાગ વચ્ચે વહેંચણી થતા વાદી બાવનજીભાઈ મનજીભાઈના ભાગમાં રેવન્યુ સર્વે નં. ૨૩૨ વાળી જમીન આવેલ જેમાં બાવનજીભાઈ તથા તેના કુટુંબના સભ્યો ખેડીવાવી ઉપજ લેતા અને તેઓનું જીવન નીર્વાહ કરતા બાવનજીભાઈના ઘરના સભ્યમાં પત્ની રુક્ષમણીબેન તથા બાવનજીભાઈના ત્રણ દીકરા નામે રતીલાલ (વાદી નં.–૩) ધીરજલાલ (વાદી નં.–૨) મગનલાલ પ્રતિવાદી દીકરીઓમાં સમજુબેન, નીર્મળાબેન , જયશ્રી બેનનાઓના લગ્ન થવાથી તેઓ સાસરીમાં રહેતા આવેલ છે પરંતુ, આ કામે તમામ સભ્યો જરુરી પક્ષકાર હોવાથી તેઓને દાવામાં જોડવામાં આવેલ છે.

૨.		આ કામે પ્રતિવાદી નં.–૧ મગનલાલનાઓ ૧૯૭૨ ની સાલમાં એસટીમા કન્ડકટર તરીકે નોકરી મળેલ અને ૧૯૭૩ મા તેમના લગ્ન થયેલ. આ કામના સદર વાદી પ્રતિવાદીઓ સંયુકત કુટુંબના સભ્યો તથા સયુકત અવિભકત કુંટુંબના કો પાસનર તરીકે સાથે રહેતા હતા પરંતુ, સને ૧૯૭૫ ની સાલમાં વાવાઝોડા પહેલા હડમતીયાની ખેતીમાં સારી ઉપજ ન થતા જામનગર ખાતે આવી ગયેલા. બાવનજીભાઈએ લેઉવા પટેલ સમાજમાં નોકરીકરેલ અને ધીરજલાલ મજુરી કરતા હતા મગનલાલ એસ.ટી.મા નોકરી કરતા હતા. સદર તમામ સભ્યો સંયુકત રહી સાથે ખાતાપિતા રહેતા હતા. મગનલાલના પ્રથમ લગ્નમાં પત્ની સાથે બનતુ ન હોવાથી કોર્ટ કેસ થયેલા અને મગનલાલના પ્રથમ લગ્ન રદ થયેલા.

૩.		૧૯૭૮ ની સાલમાં જામનગરમાં કૃષ્ણનગર વિસ્તારમાં મજીયારામાં પ્લોટ લેવાનું નકકી થતા પ્રતિવાદી નં.–૧ મગનલાલના નામથી પ્લોટ લેવામાં આવેલ સદર પ્લોટની ખરીદીમાં બાવનજીભાઈના ભાગમાં આવેલ ખેતીની જમીનની ઉપજની રકમ તથા નોકરી દરમ્યાનની આવક તથા ધીરજલાલ અને રતીલાલની મજુરીની આવક તેમજ મગનભાઈની એસ.ટી.ની નોકરીની આવક મળી મજીયારામા સંયુકત અવિભકત કુટુંબની મીલકત તરીકે મગનલાલ બાવનજીના નામથી પ્લોટ ખરીદેલ અને તેની ઉપર બાંધકામ કરી આસો સુદ દસમ ના રોજ કૃષ્ણનગર વાળી જગ્યામાં બધા સંયુકત રહેવા ગયેલ દરમ્યાન મગનલાલના બીજા લગ્ન (ઘરઘરણું)૧૯૮૦ની સાલમાં કરવામાં આવતા મગનલાલ ૧૯૮૧ મા અલગ રહેવાનું શરુ કરેલું અને ૧૯૮૫ ની સાલમાં સદર કૃષ્ણનગરવાળા પ્લોટની જગ્યમાં વીશેષ બાંધકામ કરેલ અને સઘળી જગ્યામાં જ બાવનજીભાઈની પુત્રીઓ તથા ધીરજલાલ રતીલાલના લગ્નો પણ કરેલા.સદર દાવાવાળી જગ્યામા મગનભાઈના નામની બેઈલેકટ્રીકના કનેકશન તથા બે મ્યુનીશીપલ નળ કનેકશન લેવામાં આવેલ જેમાં, એક કનેકશનની રકમ પ્રતિવાદી મગનભાઈ ભરે જયારે બીજા કનેકશનની રકમ વાદીઓ ભરે છે.

૪.		સને૧૯૯૦ની સાલમાં પ્રતિવાદી નં.–૧ મગનભાઈ બાવનજીભાઈનાઓ સંયુકત કુટુંબ તથા સંયુકત મીકલતમાંથી જુદા થવાની ઈચ્છા વ્યકત કરતા બાવનજીભાઈ, ધીરજલાલ, રતીલાલનાઓ એક તરફ અને બીજી તરફ મગનલાલ બાવનજીભાઈનાઓ વચ્ચે ઘરમેળે મૌખિક સમજુતી કરવામાં આવેલી જેમાં દાવાવાળી પ્લોટ કૃષ્ણનગર કે જેનુ કુંલ ક્ષેત્રફળ ૨૮૦૦ ચો. ફુટ છે તેમાંથી ૧૧૨૦ ચો. ફુટ જમીન તથા તે ઉપર બાંધવામાં આવેલ

બે મકાનો સહીતની જગ્યા પ્રતિવાદી મગનલાલ બાવનજીને માલીકી હકકથી આપી, અને હડમતીયા ગામે આવેલ ખેતીની જમીન સરવે નં.ર૩ર માં પ્રતિવાદી મગનલાલ બાવનજીનાઓને કોઈ હકક ન મળે તેમજ કૃષ્પનગરવાળા પ્લોટમા બાકી રહેતી ૧૬૮૦ ચો. ફુટમા બાંધવામાં આવેલ જગ્યા બાવનજીભાઈ તથા અન્ય વાદીઓના સંયુકત કુટુંબના કર્તા તરીકે માલીકી હકકથી આપી માતૃશ્રીના ભરણપોષણની જવાબદારી મગનલાલની રહેશે નહીં.પક્ષકારોએ સગવડતા મુજબ વેચાણ દસ્તાવેજ કરાવી લેવો અને વરાળે પડતા સરકારી મ્યુનીશીપાલ્ટીની રકમ મગનલાલ તથા બાવનજીભાઈએ ચુકવી આપવી. સદર મૌખિક સમજુતી બાદ, વાદી નં.–૧ બાવનજીભાઈ તથા મગનલાલ બાવનજી વચ્ચે રૂ. ૧૦ ના સ્ટેમ્પ પેપર પર લેખીત દસ્તાવેજ તા.૧/૧૦/૯૦ ના રોજ તા. ૪/૧ર–૧૦–૯૦ ના રોજ થયેલ. જેમાં પક્ષકારોએ વાંચી સમજીને સહીઓ કરી આપેલી. સદર લેખીત વહેંચણીના આધારે પ્રતિવાદી નં.–૧ મગનલાલના ભાગે આવેલ મીકલત દીવાલથી જુદી પાડતી બનાવી દીધેલ હોવાથી સદર વહેંચણી ઉપર અમલ (એકટેડ ઓપન) થઈ ગયેલ છે અને પોતપોતાની રીતે સઘળી મીલકતનો ઉપયોગ ઉપભોગ પક્ષકારો કરતા આવેલ છે.

પ. આ કામે જામનગર ખાતે મોટી મોટી કંપનીઓ આવતા મીકલતના ભાવમાં ખુબજ ટુંક સમયમાં વધારોથતા પ્રતિવાદી નં.–૧ નાઓએ બાવનજીભાઈ સાથે અસભ્ય વર્તન કરી મૌખીક ધમકીઓ આપતા સદર મીલકતમાં કાયદા મુજબનું વેચાણ કરવા તથા દાવા અરજીમાં પેરા ૧૬ માં એ થી ઈ મુજબની દાદો વાદી તરફથી માગેલ છે અને દાવાનું કારણ પ્રતિવાદીએ સપ્ટેમ્બર ૧૯૯૯ માં વાદીઓને દાવાવાળી જગ્યા છોડી દેવાની ધમકી આપતા અને વાદીઓના હકકનો ઈનકાર કરી કાયદેસર મુજબનું વેચાણના દસ્તાવેજો બનાવવા ઇનકાર કરતા હાલનો આ દાવો વાદીએ લાવવાની ફરજ પડેલ છે. વાદી તરફથી શેડયુલ એ મુજબ દાવાવાળી મીલકત ની હકીકત રજુ કરેલ છે. તથા આંક–૩ ના લીસ્ટથી નીશાની ૩/૧ થી ની. ૩/૧૦ના જરુરી મહત્વના દસ્તાવજો વાદીએ રજુ કરેલ છે.

૬. આ કામે આંક–પ થી વાદીઓ તરફથી વચગાળાની મનાઈ માગતી અરજી રજુ કરતા અમારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી તરફથીતા.૧૮/૧૦/૯૯ના રોજ પ્રતિવાદી વિરુઘ્ધ સ્ટેટસ કવો નો હુકમ કરેલ છે અને તા. ર૫/૧૦/ર૦૦૧ના રોજ બંને પક્ષના વિ.વ.શ્રી તરફથી દાવાના આખરી નીકાલ સુધી સ્ટેટસ કવો જાળવી રાખવાના શેરા કરતા તે મુજબ દાવાના આખરી નીકાલ સુધી દાવાવાળી મીકલત સંબંધે સ્ટેટસ કવોનો હુકમ કરેલ છે.

૭.		આંક–૨૮ થી આ કામના પ્રતિવાદી તરફથી પોતાનો બચાવ રજુ કરતો જવાબ રજુ કરેલ` જેમાં પ્રતિવાદીએ વાદીનો દાવો ખોટો શુઘ્ધબુઘ્ધીપુર્વકનો ન હોવાનું જણાવી દાવાને ડીલે લેચીઝ અને એગીવન્સીજનો બાધ હોવાનું તથા સદર દાવાવાળી મીલકત સંયુકત કુટુંબની હોવા સંબંધે તથા વાદગ્રસ્ત પ્લોટ આ કામના પ્રતિવાદીએ પોતાની કમાણીમાંથી જ ખરીદેલ હોવાનું જણાવી પ્રતિવાદીનો સ્વતંત્ર માલીકીનો મીલકતમાં વાદી બાવનજીભાઈ પ્રતિવાદી નં.–૧ ના પિતા થતા હોવાના સંબંધ માત્રથી પ્રતિવાદી નં.–૧ નાએ રહેવાની પરવાનગી આપેલ. સદર દાવાવાળો પ્લોટ એસટીની આવકમાંથી ખરીદેલ હતો અને આ કામના વાદી તરફથી સદર પ્લોટ ખરીદવા કોઈ મદદ કરેલ નથી. જે વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે તે પ્રતિવાદીએ જાતે પોતાની કમાણીની રકમમાંથી કરેલ છે. ફકત બહેનોના કે ભાઈઓના લગ્ન દાવાવાળા પ્લોટમા કરવાથી માલીક બની શકતા નથી. સને ૧૯૭૯ની સાલમાં રેશનકાર્ડ પણ અલગ કરેલ હોવાથી તથા જે ભાઈઓ ભાગમાં વહેચથી તથા કબુલાતના દસ્તાવેજની નકલ રજુ કરેલ છે તે તદન ખોટી હોવાનું અને જે મૌખીક વહેચણી કરી તે મુજબનો અમલ થયેલ(એકટેડ ઓપન) હોવાની હકીકત જણાવે છે તે ખોટી ઉપજાવી કાઢેલી હકીકત છે. વધુમાં, પ્રતિવાદીને હડમતીયા ગામે આવેલ જમીન સવે ૨૩૨ માથી પ્રતિવાદીનો હકક કાયમ માટે ડુબાડી દેવા તથા પ્રતિવાદીની ખોટી અને બનાવટી સહીઓ કરેલ હોય ખોટા દસ્તાવેજના આધારે વાદી તરફથી ખોટો દાવો કરેલ છે. કહેવાતા લખાણમાં જે વશરામભાઈ ભાદાભાઈ ગલાણીની સહી હોવાનું જણાવેલ છે અને તે મુજબ સમાધાન થયેલ હોવાની હકીકત ખોટી છે વાદગ્રસ્તમીકલતના તમામ પરવાનગી વેરા, ઈલેકટ્રીકના કનેકશન તમામ હકીકતો પ્રતિવાદીના નામે સરકારી કચેરીમાં ચાલતા હોવાથી વાદગ્રસ્ત પ્લોટ સંબંધેની વાદી તરફથી જે કોઈ હકીકત પોતાના હકક ઉભા કરવા જણાવેલ છે તે ખોટી બનાવટી અને પ્રતિવાદી નં.–૧ ની સ્વપાર્જીત મીકલતમા ભાગ મેળવવા અને પ્રતિવાદી નં.–૧નો હડમતીયા ગામે આવેલ ખેડની જમીનમાંથી હકક ડુબાડવા હાલનો ખોટો દાવો લાવી દાવા સંબંધેના જે કારણ તદન ખોટુ ઉભુ કરી આ કામના વાદીઓ પ્રતિવાદીને નુકસાન પહોંચાડવાના ઈરાદે ખોટો દાવો કરેલ છે જેથી દાવામાં જે કોઈ દાદ માગવામાં આવેલ છે તે ખોટી અને મળવાપાત્ર ન હોવાનું જણાવેલ છે. આ કામે વાદી નં.–૧ નુ ચાલુ દાવે અવસાન થતા વાદી નં.–૧ના વારસ તરીકે પ્રતિવાદી નં.–૨ થી ૪નાઓને આ

કામે ચાલુ દાવે પક્ષકાર બનાવાવમાં આવેલ છે અને તેઓ તરફથી પણ આંક– ૧૦૯ થી પોતાનો બચાવ રજુ કરતો જવાબ રજુ કરેલ છે. સદર આંક–૧૦૯ના પેરા –૯,૧૨,૧૯,૨૦ ને વંચાણેલેતા દાવાવાળી મીલકતો સંયુકત કબજા ભોગવટાની અને તમામ વારસોનો સંયુકત હકક હીસ્સો હોવાનું જણાવી બાવનજીભાઈનીદીકરીઓનો પણ સદર દાવાવાળી મીલકતમા ભાગ હોવાનું જણાવેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૨,૩ અને ૪નાઓ તરફથી તેઓના વિ.વ.શ્રી તરફથી લેખિત દલીલ રજુ કરેલ છે. સદર દલીલને ઘ્યાને લેતા પ્રતિવાદી નં.૨,૩ અને ૪નાઓ તરફથી જે જવાબ રજુ કરેલ છે તેને પુનરાવર્તન કરેલ છે.

૮. આ કામના પક્ષકારો તરફથી પોત – પોતાના પક્ષનિવેદનોના સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

૮.૧. <u>વાદી તરફથી રજુ કરેલ મૌખિક પુરાવો</u>

૧.	રતિલાલભાઈ બાવનજીભાઈની જુબાની	– ૧૧૮
૨.	વિઠ્ઠલભાઈ ગોરધનભાઈની જુબાની	– ૧૬૨
૩.	રતીલાલ રણછોડભાઈની જુબાની	– ૧૬૩

૮.૨. <u>પ્રતિવાદી તરફથી રજુ થયેલ મૌખિક પુરાવો</u>

૧.	મગનલાલ બાવજીભાઈની જુબાની	– ૧૮૨

૮.૩. <u>વાદી તરફથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવો</u>

૧.	જામનગરમાં મકાન બાંધવા પથ્થર લઈ ગયા બાબતે	–૧૨૨
૨.	મ્યુનીસીપાલીટીની રસીદ	–૧૨૩
૩.	મ્યુનીસીપાલીટી પાણીવેરો	–૧૨૪
૪.	મ્યુનીસીપાલીટી	–૧૨૫
૫.	આઈ.ઓ.સી.ગેસ કૃષ્ણનગર	–૧૨૬
૬.	ચુંટણીપંચ	–૧૨૭
૭.	મહેસુલની પહોચો દાવાવાળા મકાન સબંધે	–૧૨૮

૮.	" "	–૧૨૯
૯.	જેએમસીની નોટીશ કૃષ્ણનગર–૪	–૧૩૦
૧૦.	મહાવીર ગેસ કૃષ્પનગર–૪	–૧૩૧
૧૧.	ભારતીય	–૧૩૨
૧૨.	મ્યુનીસીપાલીટી	–૧૩૩
૧૩.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૪
૧૪.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૫
૧૫.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૬
૧૬.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૭
૧૭.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૮
૧૮.	વીજળી બીલ૩૨૧૦૩/૦૩૨૪૬/૨	–૧૩૯
૧૯.	આકાર પહોચ ખાતા નં.૧૭૨	–૧૪૦
૨૦.	આકાર પહોંચ ખાતા નં.૧૭૨	–૧૪૧
૨૧.	દાવાવાળી ખેતીની જમીન સર્વે નં.૨૩૨	–૧૪૪
૨૨.	ગામ નમુના નં.૭ અને ૧૨ રે.સ.નં.૨૩૨	–૧૪૨
૨૩.	ગામ નમુના નં.૭ અને ૧૨ રે.સ.નં.૨૩૨	–૧૪૩
૨૪.	ગામ નમુના નં.૮–અ ખાતા નં.૧૭૨	–૧૪૪
૨૫.	ટી હિસાબી બાગળ	–૧૪૫
૨૬.	ટી ભાયુભાગનુ લખાણ	–૧૪૬
૨૭.	ટી કબુલાતનુ લખાણ	–૧૪૭
૨૮.	ટી હિસાબી કાગળો	–૧૪૮
૨૯.	ટી હિસાબી કાગળો	–૧૪૯
૩૦.	ટી હિસાબી કાગળો	–૧૫૦
૩૧.	ટી હિસાબી કાગળો	–૧૫૧
૩૨.	વાદી તરફે પુરાવો પુરો થયાની પુરશીશતા.૨૭/૨/'૧૩	–૧૬૬

૮.૪. **<u>પ્રતિવાદીઓના દસ્તાવેજી પુરાવો</u>**

૧.	વેચાણ દસ્તાવેજ તા.૧૪/૬/૧૯૭૮	–૧૮૫
૨.	સનદ	–૧૮૬
૩.	નોટીશ	–૧૮૭
૪.	ગામ નમુના નં.૨	–૧૮૮
૫.	કર	–૧૮૯
૬.	કર	–૧૯૦
૭.	કર	–૧૯૧
૮.	ઈન્વર્ડ પહોંચ	–૧૯૨
૯.	આકારણી	–૧૯૩
૧૦.	નોટીશ કૃષ્પનગર–૪	–૧૯૪
૧૧.	જામનગર મહાનગરપાલીકા કરવેરા માંગણાનુબીલ	–૧૯૫
૧૨.	જામનગર મહાનગરપાલીકા શિક્ષણ ઉપરકર,સફાઈવેરા	–૧૯૬
૧૩.	જામનગર મહાનગરપાલીકા વેરારસીદ	–૧૯૭
૧૪.	જામનગર મહાનગરપાલીકા વેરારસીદ	–૧૯૮
૧૫.	જામનગર મહાનગરપાલીકા વેરારસીદ	–૧૯૯
૧૬.	જામનગર મહાનગરપાલીકા વેરા રસીદ	–૨૦૦
૧૭.	જામનગર મહાનગરપાલીકા વેરાપાવતી	–૨૦૧
૧૮.	જામનગર મહાનગરપાલીકા કરવેરા માંગણાનુબીલ	–૨૦૨
૧૯.	જામનગર મહાનગરપાલીકા કરવેરા માંગણાની રસીદ	–૨૦૩
૨૦.	જામનગર મહાનગરપાલીકા કરવેરા માંગણાનુબીલ	–૨૦૪
૨૧.	જામનગર મહાનગરપાલીકા કરવેરા માંગણાની રસીદ	–૨૦૫
૨૨.	પીજીવીસીએલ રસીદ	–૨૦૬
૨૩.	પીજીવીસીએલ બીલ	–૨૦૭
૨૪.	પીજીવીસીએલ બીલ	–૨૦૮
૨૫.	જાહેરનોટીશ વર્તમાનપત્ર નોબત	–૨૦૯
૨૬.	નોબત વર્તમાનપત્રમાં રકમ ભરપાઈ કર્યાની રસીદ	–૨૧૦
૨૭.	વર્તમાનપત્ર જાહેર નોટીશ	–૨૧૧

૨૮. જાહેર નોટીશનો જવાબ વિ.વ.શ્રી એચ.આઈ.ભટ્ટ –૨૧૨

૨૯. આજકાલ વર્તમાનપત્રમાં આપેલ જાહેર નોટીશનો જવાબ –૨૧૩

૩૦. રસીદ –૨૧૪

૩૧. પ્રતિવાદી નં.૧ તર્ફે પુરાવો પુરો થયાનીપુરશીશ –૨૨૮

૮.૫. આ કામના પક્ષકારો તરફથી નીચે મુજબના કાયદાના આધારો રજુ કરેલ છે.

<u>વાદી તરફે રજૂ કરેલ ચુકાદાઓ.</u>

૧. એ.આઈ.આર.૧૯૨૬ બોમ્બે – પાના નં. – ૪૦૮

૨. એ.આઈ.આર.૧૯૨૮ લાહોર – પાના નં. – ૨૨૪

૩. એ.આઈ.આર.૧૯૭૧ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૧૯૬૨

૪. એ.આઈ.આર.૧૯૬૦ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૩૩૫

૫. ૨૦૦૬(૪) જી.એલ.આર.૩૦૫૮

૬. ૧૯૯૩ (૨) જી.એલ.આર.૧૦૮૦

૭. ૨૦૦૮(૩) સીવીલ કોર્ટ કેસીસ ૧૩૫

૮. એ.આઈ.આર.૧૯૫૪ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૩૭૯

૯. એ.આઈ.આર.૧૯૫૯ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૯૦૬

૧૦. એ.આઈ.આર.૧૯૬૯ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૧૦૭૬

૧૧. ૨૦૦૯(૧)સીવીલ કોર્ટ કેસીસ ૫૮

૧૨. ૨૦૧૦ (૧) સીવીલ કોર્ટ કેસીસ ૨૯૦

૧૩. ૨૦૧૧ સુપ્રિમ કોર્ટ અપીલ રીપોર્ટર –૩૧૦

૧૪. એ.આઈ.આર.૧૯૬૦ પંજાબ – પાના નં. – ૨૨૬

૧૬. એ.આઈ.આર.૧૯૯૧ કેરાલા – પાના નં. – ૧૪૮

૧૭. એ.આઈ.આર.૧૯૭૦ સુપ્રિમકોર્ટ – પાના નં. – ૧૭૨૨

૮.૬. **<u>પ્રતિવાદી તરફે રજૂ કરેલ ચુકાદાઓ</u>**

૧. ૨૦૧૪ સુપ્રિમકોર્ટ

૨.　૨૦૧૦ સુપ્રિમકોર્ટ ૭૯૩

૩.　૨૦૧૩(૩) જી.એલ.એચ.૫૪૦

૯.　આ કામે આંક–૧૧૦ થી દાવાના આખરી નીર્ણય અર્થે મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબ તરફથી તા.૨૦/૭/૨૦૧૧ના રોજ મુદા ઘડવામાં આવેલ છે.

મુદ્દા

૧.　શુ વાદી પુરવાર કરે છે કે, શેડયુલ – એ વાળી મિલ્કત સંયુકત અવિભકત કુંટુંબની આવકમાંથી મેળવેલ છે ?

૨.　શુ વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી સંયુકત અવિભકત કુટુંબવાળી મિલ્કતમાં હકક હિસ્સો સમાયેલ છે ?

૩.　શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાના પક્ષકારોને ખામીનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે?

૪.　શુ વાદીનો દાવો અપુરતી કોર્ટ ફી કારણે રદૃ થવાને પાત્ર છે?

૫.　શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને ડીલે,લેચીઝ,એકવીયન્સીસનો બાધ નડે છે?

૬.　શુ વાદી દાવાવાળી મિલ્કતમાંથી હકક હિસ્સો, પાર્ટીશન મેળવવા ને હકકદાર છે ?

૭.　શુ વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવાને હકકદાર છે ?

૮.　શુ હુકમ અને હુકમનામુ ?

૧૦.　**નિર્ણય**

૧.　હકારમાં.

૨.　હકારમાં.

૩.　નકારમાં.

૪.　નકારમાં.

૫. નકારમાં.

૬. હકારમાં.

૭. અશંતઃ હકારમાં

૮. આખરી હુકમ મુજબ.

૧૧. **કારણો**

આ કામે મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી તરફથી આંક–૧૧૦થી ઘડવામાં આવેલ છે. સદર મુદ્દાઓને વંચાણે લેતા મુદ્દા નં.૧ અને ૨ એકબીજાથી સંકળાયેલ મુદ્દાઓ હોય અને સદર મુદ્દાઓ સબંધે પક્ષકારો તરફથી રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવા બાબતે ઘણી હકીકતો તથા પક્ષકારોએ રજુ કરેલ ચુકાદાઓનુ પુનરાવર્તન કરી ચર્ચા કરવી પડે તેમ હોવાથી, સદર બંને મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવાથી પુનરાવર્તન ટાળી શકાય તેમ હોય જેથી ન્યાયી નિર્ણય ઉપર આવવા માટે સમય,શકિતનો યોગ્ય,ન્યાયી રીતે કેસની હકીકતો તથા પુરાવાઓનુ મુલ્યાકન કરવા અર્થે સાથે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવેલ છે.

આ કામના પક્ષકારો હિંદુઓ છે અને હાલનો દાવો દાવાવાળી મિલ્કત હિન્દુ સંયુકત કુટુંબની હોવા સબંધે કે સ્વતંત્ર સ્વપાર્જિત મિલ્કત સબંધેની તકરાર છે, જે બાબતે પક્ષકારો તરફથી પોત – પોતાના પક્ષ નિવેદનો,પુરાવાઓ તથા દલીલો અને ચુકાદાઓ રજુ કરી મિલ્કત કે જે વાદીએ શીડયુલ – એ થી જાહેર કરેલ છે તેના હકક અંગેનો દાવો વાદીએ રજુ કરેલ છે.

હાલના કામના પક્ષકારો પૈકી મર્હુમ વાદીનં.૧ બાવનજીભાઈ મનજીભાઈનાઓ વાદી નં.૨ અને ૩ અને પ્રતિવાદી નં.૧ થી ૪ના પિતા અને વાદી નં.૪ના પતિ થતા હતા. હાલના દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાન આ કામના વાદી નં.૧બાવનજીભાઈતા.૧૨/૩/'૦૩ (આંક–૮૭)અને વાદીનં.૪ રૂક્ષ્મણીબેન બાવનજીભાઈ તા.૧૫/૧૨/૨૦૦૯ના રોજ (આંક– ૧૦૨)અવસાન પામતા, હાલમાં મુખ્ય પક્ષકારો મુળવાદી નં.૨ ધીરજલાલ બાવનજીભાઈ તથા મુળવાદી નં.૩ રતીલાલ બાવનજીભાઈનાઓ અને મુળ પ્રતિવાદીનં.૧ મગનલાલ બાવજીભાઈ તથા પ્રતિવાદી નં.(૨) સમજુબેન (૩) નિર્મળાબેન (૪)જયશ્રીબેન

નાઓ જ વારસો હોય તેઓ વચ્ચે દાવાની વિષયવસ્તુ અંગેની કાર્યવાહી ચાલી આવેલ છે.

સદર દાવાની કાર્યવાહી અંગે વાદી તરફથી આંક–પથી વચગાળાની મનાઈ અરજી કરતા મારા પુરોગામી ન્યાયાધીશસાહેબશ્રી તરફથી આંક–પ૯પર દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલ્કત અંગે સ્ટેટસ કવો – (જેમની તેમ પરિસ્થિતિમાં જાળવી રાખવાનો) હુકમ તા.૨૫–૧૦–૨૦૦૧ના રોજ ફરમાવેલ છે.

હાલના દાવાવાળી મિલકત જામનગર જીલ્લાના હડમતીયા ગામે આવેલ ખેતીની જમીન જેનો ખાતા નં.૧૭૨ અને રેવન્યુ સર્વે નં.૨૩૨વાળી એકર –૫ ગુંઠા ૨૦ તથા હેકટર આરે ૨/૨૨/૫૮ તથા જામનગર ખાતે કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૨૩/૨વાળી જગ્યા કે જેનાં ચોરસફુટ ૨૮૦૦ તથા ચો.મી.૨૬૦.૧૨થાય છે.

સદર દાવાવાળી મિલકત પૈકી ખેતીની જમીન વાદીના કેસ મુજબ મુળવાદી બાવનજીભાઈને તેઓના પિતા તરફથી વારસાઈ હકકે મળેલ અને તે જમીનમાં વાદી નં.૧ના શરૂઆતના દિવસોમાં તેઓનુ કુટુંબ સદર જમીન ઉપર નભતુ હોવાનુ જણાવેલ છે. સદર હકીકત સબંધે પ્રતિવાદી નં.૧તરફથી પોતાની જુબાની આંક – ૧૮૨માં પાના નં.૫ ઉપર પાંચમી અને છઠ્ઠી લીટીમાં એવો પુરાવો રજુ કરેલ છે કે, " હડમતીયા ગામે આવેલ ખેતીની જમીન મારા બાપુજી બાવનજીભાઈ મનજીભાઈની માલીકીની આવેલ છે. મારા બાપુજીએ દાવાવાળી ખેતીની જમીન રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરેલ કે કેમ તેનો મને ખ્યાલ નથી..... બાપુજી પાસે ખેતીનીજમીન કઈ રીતે આવેલ તેની મે કોઈ તપાસ કરેલ નથી..... એ વાત ખરી છે કે, બાપુજી હડમતીયા રહેતા હતા ત્યારે ખેતીની જમીનમાંથી જે ઉપજ આવતી તે જ તેમની આવક હતી.હળમતીયા મુકામે હુ અને બાપુજી સને૧૯૭૮સુધી રહેલા."

આ તબકકે વાદીના વિ.વ.શ્રી તરફથી અલગ અલગ સાલના નામદાર સુપ્રીમ કોર્ટ તથા અલગ અલગ હાઈકોર્ટના ચુકાદાઓનો આધાર લઈ " ઓનસ ઓફ પ્રુફ" અને " બર્ડન ઓફ પ્રુફ" એ ઘડીયાળના લોલક મુજબ પુરાવા તથા કેસની હકીકતો સંબંધે એકબીજા ઉપર બોજો બદલાતો રહેતો હોય છે, જે હકીકતને ધ્યાને લેતા અનુમાન આધારે સંયુકત કુંટુબની દરેક મીલકત કુંટુબના દરેક સભ્યની માલીકી ગણાય છે તેવા અનુમાનના આધારે વાદી તરફથી આંક–૧૨૨ના દસ્તાવેજ આધારે બાવા મનજીનાઓએ જામનગર ખાતે મકાન બાંધવા માટે પોતાની જમીનમાથી કાદવ કાઢી પથ્થર લઈ જવા સંબંધેનો દાખલો હડમતીયા

ગ્રામપંચાયત કચેરીનાઓએ આપેલ છે. સદર દસ્તાવેજ વાદી તરફથી મહત્વનો હોવાની દલીલ કરેલ છે. સદર દસ્તાવેજને ધ્યાને લેતા પ્રતિવાદી તરફથી સદર દસ્તાવેજ વિરૂધ્ધ કે સદર દસ્તાવેજને ખંડન કરવા અર્થેની કોઈ જ હકીકતો રજુ કરેલ નથી કે તેનો કોઈ ઈન્કાર કરેલ નથી. આ તબકકે સદર દસ્તાવેજને વંચાણે લેતા પ્લોટમાં જરૂરી પુરાણ તથા પ્લોટમાં બાંધકામ સબંધે જરૂરી મહત્વના મટીરીયલ્સ આ કામના મુળ વાદી નં.૧ મર્હુમ બાવનજીભાઈ ઉર્ફે બાવા મનજીભાઈનાઓ પોતાની ખેતી જમીનમાંથી કાઢીને લાવેલ હોવાનુ ફલીત થાય છે. સદર તે હકીકત તથા જામનગર મહાનગરપાલીકા પરથી સમયાંતરે વેરા તથા મહાનગર પાલીકા તરફથી આરોગ્ય સબંધે નોટીસ તથા લાઈટ બીલો,પાણીનાવેરાની ચુકવણી અંગેના દસ્તાવેજ અનુક્રમે આંકઃ–૧૨૩ થી ૧૨૯ ને વંચાણે લેતા કૃષ્ણનગર મીલકત સબંધેની હોવાનું માની શકાય તેમ છે. આ કામે વાદી તરફથી પોતાની દલીલમાં આંક–૧૧૮ વાદી નં.–૩, આંક –૧૬૨ થી વીઠ્ઠલભાઈનો પુરાવો તથા આંક–૧૬૩ થી રતીલાલભાઈ રણછોડભાઈનો પુરાવો અને આંક–૧૮૨ થી પ્રતિવાદીનો પુરાવો રજુ થયેલ છે.

વાદી તરફથી ઉપરોકત દલીલ તથા રજુ થયેલા પુરાવાને વંચાણે લેતા પ્રતિવાદીએ પોતાની જુબાનીમાં પાના નં.– ૫ માં એવી હકીકત કબુલ રાખેલ છે કે," એવાત ખરી છેકે, બાપુજી અને અમે બધા હડમતીયા મુકામે રહેતા હતા એ વાત ખરી છે કે, બાપુજી હડમતીયા રહેતા હતા ત્યારે ખેતીની જમીનમાંથી જે ઉપજ આવતી હતી તે જ તેમની આવક હતી. એ વાત ખરી છે કે, કુટુંબમાં સૌથી મોટો પુત્ર હુ છું હડમતીયા મુકામે હું અને બાપુજી સને ૧૯૭૮ સુધી રહેલા." વધુમાં, પાના નં.–૬ ઉપર પ્રતિવાદીએ એવી કબુલાત કરેલછે કે, " એ વાત ખરી છે જામનગર મુકામે સૌ પ્રથમ ફુલીયા હનુમાન પાસે જગ્યા ભાડે રાખવામાં આવેલી એ વાત ખરી છે કે, ત્યાર બાદ જામનગર માં નવાગામ ઘેડ જલારામ સોસાયટીમા જગ્યા ભાડે રાખવામાં આવેલી એ વાત ખરી છેકે, ત્યાર બાદ જામનગર રણજીત નગરમાં ફલેટ ભાડે રાખવામાં આવેલ એ વાત ખરી છે કે, મારા બાપુજી જામનગર ખાતે લેઉવા પટેલ સમાજમા નોકરી કરતા હતા.

આ કામે વાદી નં.–૩ રતીલાલ બાવનજી ધામેલીયાનાઓએ પોતાનો સોંગંદ પરનો પુરાવો આંક–૧૧૮ થી રજુ કરેલ છે અને પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ઓ.જી.મુંગરાનાઓએ લંબાણપુર્વક તપાસ કરેલ છે. સદર જુબાનીને વંચાણે લેતા સાહેદ રતીલાલ બાવજીનાઓ તરફથી આકં–૧૧૭/૪ થી ૧૧૭/૧૦ના દસ્તાવેજો રજુ કરેલ છે, તે મારા પુરોગામી

ન્યાયાધીશ તરફથી કામચલાઉ આંક આપેલ છે તે સંબંધે પ્રતિવાદી તરફે નોટબુકના પાના પર જે હીસાબ કરવામાં આવેલ છે તે સંબંધે સદર સાહેદની ઉલટતપાસમાં જુબાનીના પાના નં.૨૦,૨૧ઉપર લંબાણપુર્વક ઉલટતપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસને વંચાણે લેતા, " એ વાત ખરી નથી કે, મારા પિતાશ્રી કોઈ હિસાબ રાખતા ન હતા. એ વાત ખરી છે કે, હુ જે હિસાબ કહુ છુ તે ડાયરીના છુટા પાના છે. જે આંક–૧૪૫ટી થી રજુ છે. એ વાત ખરી છે કે, મને આંક–૧૪૫ ટી બતાવવામાં આવે છે તે નોટના છુટા પાના છે. જેમાં પાંચ (૫)પાના છે જેમાં પેજ નં.૫ ઉપર ૨૭ નંબર લખેલ છે અને પેજ નં.૪ ઉપર ૩૫ લખેલ છે. એ વાત ખરી છે કે, પહેલા નંબરના પેજ ઉપર ટોટલ ખર્ચ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ લખાણ મારી હાજરીમાં તૈયાર થયેલ નહી. કારણ કે, હુ સુરત રહેતો હતો. એ વાત ખરી નથી કે, આંક–૧૪૫ટી વાળો દસ્તાવેજ સદર કેસમાં ખોટી રીતે ઉભો કરીન રજુ કરવામાં આવેલ છે. એ વાત ખરી નથીકે, આ દસ્તાવેજમાં જણાવેલ આંકડાની વિગત એક જ દિવસમાં લખી તૈયાર કરવામાં આવેલી છે. એ વાત ખરી નથી કે, આંક–૧૪૫ટી વાળો દસ્તાવેજની પુરી નોટબુક હિસાબની રજુ કરી નથી અને જો રજુ કરી હોત તો મારી વિરૂઘ્ધ જાય." આ કામે વાદી તરફે તપાસેલ સાહેદો આંક–૧૬૨ તથા આંક–૧૬૩વાળા પુરાવાઓને વંચાણે લેતા પણ તેઓ વ્દારા સદર મિલ્કત સંયુકત મિલ્કતમાંથી ખરીદ કરેલ હોવાનુ ફલીત થતુ હોય, તથા આ કામે રજુ થયેલ મૌખિક પુરાવાઓમાં મર્હુમ બાવનજીભાઈનાઓ જામનગર ખાતે પટેલ સમાજની વાડીમાં નોકરી કરતા હતા તેમજ અન્ય રતીલાલ અને ધીરજલાલ મજુરી કરતા હોય તેઓ તમામ સાથે પ્રતિવાદીનાઓ વ્દારા કૃષ્પનગરવાળી મિલ્કત ખરીદ કરવામાં આવેલ હોવાનુ માની શકાય તેમ છે. સદર હકીકત સબંધે પ્રતિવાદી તરફથી કોઈ વિરૂઘ્ધનો રીપોર્ટ કે એકસપર્ટનો અભિપ્રાય સદર હિસાબના લખાણ વિરૂઘ્ધના રજુ કરેલ નથી.પ્રતિવાદી તરફથી ફકત ઈન્કાર કરી તથા સંભવનાઓ બાબતે સવાલો પુછેલ છે જે સદર દસ્તાવેજ ખંડન કરવા પુરતા ન હોવાનુ કાયદાકીય જોગવાઈઓ આધારે માની શકાય તેમ છે.

આમ, ઉપરોકત પુરાવાઓનુ મુલ્યાંકન કરતા વાદી તરફથી રજુ કરેલ મકાનના ખર્ચના હિસાબ તથા અન્ય હિસાબો જે દર્શાવેલ છે તે બાબતે સ્પષ્ટ થાય તેમ છે કે, વાદગ્રસ્ત કૃષ્ણનગર ખાતે આવેલ પ્લોટમાં જે બાંધકામ થયેલ તેનો ખર્ચ અંગેનો હિસાબ વાદી પોતાની જુબાનીમાં પેરા – ૨૧માં મુળવાદી મર્હુમ બાવનજી મનજીભાઈએ ખર્ચ કરી તેનો હિસાબ

લખેલ હોય અને મર્હુમ બાવનજીભાઈના હસ્તાક્ષર સબંધે કોઈ જ મહત્વની ખંડનાત્મક હકીકત પ્રતિવાદી તરફથી રજુ થયેલ નથી. સદર હિસાબ સબંધે પ્રતિવાદી તરફથી લંબાણપુર્વક ઉલટતપાસ કરવા છતાં કોઈ ફલશ્રુતી પ્રતિવાદીને મળે તેવી હકીકત રજુ થયેલ ન હોવાથી અને કામચલાઉ આંક–૧૪૫ ટી સબંધે ઉલટતપાસમાં સ્પષ્ટતા થયેલ હોય અને જે આધારે વાદી સદર ખર્ચના હિસાબની હકીકતો પુરવાર કરેલાનુ માની શકાય તેમ હોય સદર કામચલાઉ આંક–૧૪૫ ટી ને પાકો આંક–૧૪૫ આપવામાં આવે છે.વધુમાં, વહેચણી અંગેના દસ્તાવેજ સબંધે નીશાની ૧૧૭/૫ થી દસ્તાવેજ રજુ કરેલ જે સંબંધે વશરામ ભાદાનાઓ તેઓના મામા થતા હોવાની હકીકત જણાવેલ છે અને જે તે સમયે કાચુ લખાણ સમયે સાહેદ હાજર હોવાનો પુરાવો આપેલ છે.

આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીઓની લંબાણપુર્વક રજુઆત સાંભળવામા આવેલ છે અને હાલના દાવાની મુખ્ય તકરાર સંબંધે વાદીના વિ.વ.શ્રી એ.સી. કોઠારીનાઓએ દલીલ કરેલ છે કે , પ્રથમ દર્શનીય રીતે હિંદુ કુટુંબની જે કોઈ મીલકત હોય તે સંયુકત મીલકત તરીકે જ હોવાનું અનુમાન થાય છે અને જો કોઈ મીલકત કુટુંબના કોઈ એક વ્યકિતના નામે ખરીદવામાં આવેલ હોય અને તેઓ ઉપયોગ અન્ય સભ્યો કરતા હોય તો તે મીલકતની સ્થિતિ અને મિલ્કત પ્રાપ્ત કરવાના શોર્સની હકીકતને ધ્યાને રાખીને મિકલત સંબંધેનો નિર્ણય કરી શકાય તેમ છે. આ કામના પ્રતિવાદી નં.–૧ મગનભાઈનાઓ સદર દાવાવાળી મીકલત પૈકી કૃષ્ણનગર ખાતે આવેલ પ્લોટમા જે મકાન છે તે પોતાની સ્વતંત્ર સ્વપાર્જીત આવકમાંથી લીધેલ હોવાની તકરાર ઉઠાવેલ હોય ત્યારે પ્રતિવાદી તરફથી પોતાની સ્વપાર્જિત મિલકત અંગે જો કોઈ લોન લીધી હોય, પોતાની બચત હોય તો તે અંગેની હકીકતો,બેંકના પુરાવાઓ,રકમ ચુકવ્યા બાબતનો પુરાવો,પોતાની આવક અંગેના પુરાવાઓ ઉપરથી પ્રતિવાદી પોતાની બચત અંગેની હકીકત પણ રજુ કરી શકયા હોત પરંતુ હાલના કામે પ્રતિવાદી તરફથી તેવો કોઈ પ્રયત્ન કરેલ નથી કે કોઈ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી. આમ, પ્રતિવાદી જયારે સ્પષ્ટ રીતે પોતાની સ્વપાર્જિત મિલ્કત હોવાની તકરાર લીધેલ હોય ત્યારે મિલકત ખરીદ કરવા માટેના શોર્સ રજુ કરવા આવશ્યક હોવા છતાં તેવો કોઈ જ પુરાવો પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. કૃષ્ણનગરના પ્લોટવાળી મીકલત આ કામના પ્રતિવાદી નં.–૧ ના નામે ૧૯૭૮ની સાલમાં ખરીદ કરેલ હોવાનું પુરાવા પરથી જણાઈ આવતુ હોય જે સબંધે આંક–૧૮૫નો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતા મગનલાલ બાવનજીની

ઉમર ૨૮ વર્ષની લખેલ છે ને મિલકતની કીમત રૂા.૬૪૪૦/– લખવામાં આવેલ છે.સદર રકમ તેઓ સને ૧૯૭૩ની સાલમાં નોકરીએ હાજર થયેલ હોય અને સને ૧૯૭૮ની સાલમાં ઉપરોકત રકમ મુજબની મિલકત ખરીદ કરેલ હોય ત્યારે સદર મિલ્કત સ્વપાર્જિત રીતે ખરીદ કરવા અંગેની તમામ હકીકતો પ્રતિવાદીએ રજુ કરી પોતાની તકરાર પુરવાર કરવા આવશ્ય રજુ કરવા જોઈએ.સદર દસ્તાવેજ સાથે આંક–૧૮૬ થી સીટીસર્વેની સનદ શેડયુલ એચ રજુ કરેલ છે તે પણ પ્રતિવાદી નં.–૧ ના નામે છે પરંતુ, અગાઉ ચર્ચા કર્યા મુજબ આ કામના વાદીના વિ.વ.શ્રીપ્રતિવાદીનં.–૧ને મુળવાદી મરહુમ બાવનજી ઉર્ફે બાવા મનજીભાઈનાઓ ઉછેર કરેલ, ભણાવેલ તથા પ્રતિવાદી નં.–૧ના લગ્ન પણ કરાવેલ જે સંબંધે પ્રતિવાદીનં.–૧ પત્ની સાથે પ્રતિવાદી નં.–૧ ને મનમેળ ન થતા છુટાછેડા લેવામાં આવેલ અને ત્યાર બાદ ફરી પ્રતિવાદી નં.–૧ના બીજા લગ્ન પણ કરાવવામાં આવેલ જે તમામ હકીકતો સંબંધે કોઈ ઈનકાર કરેલ નથી. જેથી સદર પ્રતિવાદી નં.૧ના બીજા લગ્ન સને ૧૯૭૯ના અરસામાં થયેલ હોવાનુ અને તે જ અરસામાં સદર કૃષ્ણનગરવાળી મિલ્કત ખરીદ કરેલ હોય તે સબંધે ઉપરોકત હિસાબના પાનાઓમાં લખાણ સબંધે એકરૂપતા દર્શાવી શકાય તેમ છે.પ્ર તિવાદી જયારે સને ૧૯૭૫નીસાલમાં જામનગર ખાતે રહેવાઆવેલ હોવાની હકકીત પોતાની જુબાનીના પેરા –૩માં જાહેર કરતા હોય અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર પ્લોટ ખરીદ કરેલ ત્યાં સુધીમાં બે લગ્નખર્ચ ,કોર્ટના ખર્ચા,છુટાછેડા વિગેરેનો ખર્ચમાં જે રકમ ખર્ચ થયેલ છે તે સબંધેની હકીકત અને કંડકટર તરીકેની આવકની હકીકત ધ્યાને લેતા પ્રતિવાદી તરફથી સદર પ્લોટ સ્વકમાણીમાંથી જ વેચાણ લીધેલ હોવાની તકરાર લેતા હોય ત્યારે વાદી બાવનજીભાઈની મિલ્કતની આવક,પોતાની જામનગર ખાતેનીનોકરીની આવક અન્ય વાદીઓની આવક વિગેરે વ્દારા સદર મિલકત ખરીદ કરવા સબંધેની હકીકત અને વેચાણ દસ્તાવેજમા ફકત મગનભાઈનું નામ હોવા સંબંધેથી પ્રતિવાદીની સ્વતંત્ર સ્વપાર્જીત મીલકત ગણી શકાય નહી તેવી દલીલ સદર જુબાનીમાં થયેલ કબુલાતના આધારે વાદીના વિ.વ.શ્રીએ સદર દાવાવાળી મિલ્કત પૈકી જામનગર ખાતે આવેલ પ્લોટ સંયુકત હિન્દુ ફેમીલીની મિલ્કત હોવાની મુદા નં.–૧ સંબંધે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓ સાથેની દલીલ કરેલ છે.

પ્રતિવાદી તરફથી પોતાના જવાબ આંક–૨૮ની હકીકતને ધ્યાને લેતા તથા પ્રતિવાદી નં.૧નાએ કોર્ટ રૂબરૂ રજુ કરેલ પુરાવાના સોગંદનામા આંક–૧૮૨માં પેરા – ૨માં હડમતીયા ગામના રે.સ.નં. ૩૩૨/પૈકીની મારા પિતાશ્રીના નામે આવેલી હતી અને મારા પિતાશ્રીના

અવસાન બાદ રેવન્યુ રેકર્ડમાં આ ખેતીની જમીનમાં વારસદાર તરીકે વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ દાખલ થયેલ છે . હુ નિવૃત થયા બાદ આ જમીનનો વહીવટ હુ કરૂ છુ અને મારા કબ્જા, ભોગવટામાં છે. તેમજ પેરા – ૩માં ત્રીજી લીટીમાં, " હુ મારા કુટુંબથી જુદો થઈને જામનગર માં રહેતો હતો હુ અને મારા માતા પિતા અને ભાઈઓ સંયુકત અવિભકત કુટુંબના કો–પાર્સનર કે સંયુકત કુટુંબના સભ્યો તરીકે રહેતા ન હતા. સદર બંને હકીકતો ભીન્ન અને વિરોધાભાસી હકીકતો પ્રતિવાદી નં.૧ તરફથી રજુ કરવામાં આવેલ છે અને બંને તરફથી લાભ મેળવવા માટેનો પ્રયાસ કરેલ હોવાનુ ફલીત થયેલ છે. પ્રતિવાદી તરફથી તેઓ છુટા થવા બાબતે કોઈ જ લખાણ કે જુદા થવા અંગેની હકીકત પુરવાર કરવા સબંધે કોઈ હકીકત પ્રસ્થાપિત કરેલ નથી. આ કામના વાદીઓ તરફથી તેઓ સંયુકત કુટુંબના સભ્યો હોવાની હકીકત સાથે ઉપરોકત ચર્ચા પ્રમાણે સંયુકત રીતે મિલ્કતમાં નાણા રોકી મિલ્કતનો વિકાસ કરેલ હોવાનુ રજુ થયેલ પુરાવાઓ ઉપરથી ફલીત થાય છે. આમ, આ કામના વાદી તરફથી સંયુકત મિલકત હોવાનુ પ્રાથમીક રીતે પુરવાર કરેલ હોય અને પ્રતિવાદી પોતાના બચાવમાં જયારે તેઓ સંયુકત કુટુંબથી અલગ થયેલાની હકીકત જણાવતા હોય ત્યારે તે હકીકત પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીની થઈ પડતી હોય જે બર્ડન પ્રતિવાદી તરફથી ચોકકસ, ઠોસ અને માની શકાય તેવી રીતે ઉપરોકત ચર્ચાના આધારે પુરવાર કરેલ ન હોવાથી, વાદીના દાવામાં જણાવેલ હકીકત પુરવાર થતી હોવાનુ માની શકાય તેમ છે.

આ કામના પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફથી પોતાની દલીલમાં નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ૨૦૧૦ (૧૧) એસ.સી.સી. ૭૭૭ ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે, એચ.યુ.એફ. હોવાનું અનુમાન થઈ શકે પરંતુ, મીલકત એચ.યુ.એફ. હોવાનું અનુમાન થઈ શકે નહી. મીલકત બાબતે અવેજની રકમ કોણે ચુકવી ? કેવી રીતે ચુકવી ? વિ. હકીકતો ખુબ જ મહત્વની છે. વધુમાં, એ.આઈ.આર. ૧૯૬૪ સુપ્રીમ કોર્ટ ૧૩૬ ના ચુકાદા પર આધારા રાખી દલીલ કરેલ છે કે, બર્ડન ઓફ પ્રુફ કયારેય શીફટ થાય નહીં. વાદીએ પોતાનો દાવો પોતાના પુરાવાના આધારે જ પુરવાર કરવો આવશ્યક છે.

જયારે આ તબકકે વાદીના વિ.વ.શ્રી તરફથી એ.આઈ.આર.૧૦૫૪ એસ.સી. ૩૭૯ શ્રીનીવાસ કિષ્ના રાઉ કાનુગો વિરૂઘ્ધ નારાયણ દેવજીભાઈ કાનુગો અને બીજાઓના ચુકાદામાં નામાદર સુપ્રિમ કોર્ટ તરફથી આપેલ ચુકાદો તથા એ.આઈ.આર.૧૯૫૯ સુપ્રિમ

કોર્ટ ૯૦૬ના ચુકાદો તથા નામદાર સુપ્રિમકોર્ટ વ્દરા એ.આઈ.આર.૧૯૬૯ સુપ્રિમકોર્ટ ૧૦૭૬ના ચુકાદાઓ ઉપર તથા એ.આઈ.આર.૧૯૬૦ પંજાબ ૨૨૬માં હેડ નોટ "ડી"મુજબ તથા એ.આઈ.આર.૧૯૭૦ સુપ્રિમકોર્ટ ૧૭૨૨ હેડ નોટ "એ" મુજબ પ્રતિવાદીએ અલગ પ્રોપર્ટી લીધી હોય અને પ્રતિવાદી સદર પ્રોપર્ટીને જોઈન્ટ હિંદુ ફેમીલીમાં ભેળવી દીધેલ હોય ત્યારે સદર પ્રતિવાદીએ પોતે મેળવેલ પ્રોપર્ટી પણ જોઈન્ટ હિંદુ ફેમીલીની પ્રોપર્ટી ગણાય.

સદર મુદાને પુરવાર કરવા અર્થે વાદી તફરથી પોતાના દાવા ફરજ સાથે આંક–૩ ના લીસ્ટથી જે દસ્તાવેજ રજુ કરેલ છે તે પૈકી ૩/૩ થી ૩/૨૨ ના દસ્તાવેજોને અનુક્રમે ૧૨૨ થી ૧૪૧ સુધીના દસ્તાવેજોને આંકે પડેલ છે જેમાં, પક્ષકારો પૈકી બંને પક્ષકારોને નગરપાલીકા તરફથી જરુરી વેરાપાવતી તથા અલગ અલગ સમયે કાર્યવાહી કરવા સંબંધેની હકીકતોનો ઉલ્લેખ કરેલ છે. આ કામે આંક–૧૬૨ થી પંચ રોજકામ કોર્ટ કમીશ્નર મારફત કરવામાં આવેલ હોય તે રજુ છે જેને વંચાણે લેતા, રતીલાલ બાવનજી વાદી નં.–૩ નાઓ બે રુમનો ઉપયોગ કરતા હોવાનું અને અન્ય જગ્યાઓ સંબંધેની હકીકત વાદીના રહેણાંક સંબંધેની દર્શાવેલ છે તે જ મુજબ વાદી નં.–૨ ના ઓના ઉપયોગ વપરાશ કર્તા હોવા સંબંધે રુમ તથા રસોડુ વિ.ની હકીકત પાના નં.–૩ પર દર્શાવેલ છે. દક્ષિણ બાજુએ એક દીવાલ ઈંટ સીમેન્ટ રેતી ચુનાથી ચણેલ છે તે દિવાલ પછી પ્રતિવાદીની જગ્યા અંગેની હકીકત દર્શાવેલ છે જે સંબંધે પાના નં.–૪ અને ૫ માં ઉલ્લેખ કરેલ છે. આમ, દાવા સમયે સદર પ્લોટવાળી મિકલતમાં સ્પષ્ટ રીતે દીવાલ ચણી વાદી પ્રતિવાદીઓ પોત પોતાનો ભાગનો ઉપયોગ કરતા સંબંધેની હકીકત જણાઈ આવે છે. તે જ મુજબ વાદી તરફે રજુ કરેલ મૌખિક પુરાવામાં પણ સદર હકીકતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. વાદી તરફથી અન્ય બે સાહેદો આંક–૧૬૨ થી વીઠ્ઠલભાઈ ગોરધનભાઈ તથા રતીલાલ રણછોડભાઈ આંક–૧૬૩થી પુરાવાઓ રજુ કરેલ છે તેઓ પણ સદર મીલકત સંયુકત કુટુબની હોવાનું જણાવે છે તેઓની ઉલટતપાસને વંચાણે લેતા, વિરુઘ્ધની હકીકતના સવાલો અંગે ખબર ન હોવાની હકીકત જણાવેલ છે.

આ કામે પ્રતિવાદી તરફથી પોતાના જવાબમાં તથા પોતાના જવાબ આંક–૨૮ મા મુખ્ય તકરાર મુજબ પ્રતિવાદીએ પોતાની આપ કામાઈમાથી પ્લોટ ખરીદ કરેલ હોવાની તકરાર લીધેલ હોય ત્યારે, વાદી તરફથી પ્રતિવાદીની ઉપરોકત જુદો થયેલ હોવાની હકીકત અંગે પ્રતિવાદી તરફથી પોતાની આંક–૧૮૨વાળા પુરાવામાં સ્પષ્ટપણે ઈકરાર કરેલ

છે કે, ૧૯૭૮માં તેઓ સંયુકત કુટુંબમા રહેતા હતા..... સદર પ્લોટ પર પ્રથમ સીમેન્ટના પતરાવાળી અને બેલાના ચણતર વાળી કાચી ત્રણ ઓરડી બનાવેલ હતી અને તેમાં પ્રતિવાદી નં–૧ ના માતા પિતા અને ભાઈઓને રહેવા માટે પરવાનગી આપેલ હોવાનું જણાવેલ છે. સદર પરવાનગી સબંધે પણ વાદીના વિ.વ.શ્રી તરફથી ઉલટતપાસ કરતા હકીકત ખુલેલ છે કે પરવાનગી આપવા સબંધેની કોઈ જ હકીકતો બનેલ જ નથી ઉલટ બાંધકામ અંગેનો ખર્ચ બાવનજીભાઈએ કરેલ અને પથ્થરો બાવનજીભાઈ હડમતીયાથી પોતાની જમીનમાંથી લાવેલ અને હાલમાં પણ આ કામના પક્ષકારો પૈકી વાદી નં.ર અને ૩ તથા પ્રતિવાદી નં.૧નાઓ સંયુકત રીતે ઉપરોકત કૃષ્ણનગરવાળા પ્લોટમાં કરેલ બાંધકામવાળા મકાનમાં વચ્ચે દિવાલ કરી રહેતા આવેલા છે અને તેનો વપરાશ કરવા સબંધેના દસ્તાવેજી પુરાવાઓ બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ છે.

આ તબકકે પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફથી ૧૯૬૩ (૦) જીએલએચઈએલ–સુપ્રિમ કોર્ટ ર૦૦ – એ. રાઘવમ્મા વિરૂઘ્ધ એ. ચેનચમ્મા – સીવીલ અપીલ નં. ૧૬૫ / ૧૯૬૧ ચુકાદા તારીખ – ૯/૪/૧૯૬૩ ના ચુકાદા ઉપર આધાર રાખી રજુઆત કરેલ છે કે, Evidence Act, 1872 - S. 101, 102,103 - burden of proof and onus of proof - essential distinction between - held, burden of proof lies upon person who has to prove fact and it never shifts, but onus of proof shifts - such shifting of onus is continuous process in evaluation of evidence.

Constitution of India - Art. 133 - Evidence Act, 1872 - S.101,102,103 - succession to property - claimed by adoptive son - burden of proof of adoption - held, lies on person who seeks to displace natural succession to property - conduct of party is not consistent with facts of case so as to infer that adoption must have taken place - therefore, concurrent finding of fact that there was no adoption cannot be interfered.

Evidence Act, 1872 - S. 114 - succession of property - adoption - concerned party failed to place admitted all relevant documents - effect of - held, in absence of relevant documents admitted to have been in existence adverse inference can be drawn against party, and

Hon'ble Gujarat Hight Judgment 2013 (3)G.L.H. 540

Ramanbhai Parottambhai Patel and Others Versus

Parsottambhai Kuberbhai Patel Decd.Thro, heirs Gangaben and Ors. Civil Application No.35/2010.

A. Hidu Law - Joint Hindu Family - Coparcenary - A joint Hindu Family consist of male members descended lineally from a common male ancestor together with their mother, wives or widows and unmarried daughters - This body is a creature of law and cannot be created by act of the parties- Coparcenary is a smaller body thatn a Joint Family and consists of only male members of the family - All members of the Coparcenary are undoubtedly the members of the family but all the members of the Joint Family are not necessarily Coparceners - The Concept of Joint Hindu Family and Coparcenary discussed.

B. Hidu Law - Joint Hindu Family - Property Presumption - Indian Evidence Act,1872 - s.101,102 - Burden of Proof - A property cannot be presumed to be joint family property merely because of existence of a Joint Family - The burden

to prove the property to be joint lies on the person who asserts so - It is not sufficient to show that the Joint Family possessed some assets but it is necessary to prove that the assets of the Joint Family have formed the nucleus from which the assets are acquired- The existence of such Joint Family Property even if believed that it could have formed the nucleus for the acquisition of new assets, by itself would not lead to believe that the new assets acquired by any member of the family would be joint family property because such a member may not have control or command over the joint family Assets.

C. Hindu Law Joint Family Property - Benami Transaction (prohibition Act,1988 - S. 2 and S.4 - The Property acquired by the father in the benami name of his sons and daughters could not make sons and daughters acting in a fiduciary capacity for their father - On the facts of the case, the plaintiffs have specifically averred that their predecessor had purchased the suit properties by his own money in the names of the defendants fr the purpose of avoiding the provisions of land ceiling law - Held, no suit , claim or action to enforce a right in respect of any property held benami shall lie against the person in whose name the property is held or against any othe person at the instance of a person claiming to be the real owner of such property -

The suit filed by the plaintiff is hit by provisions of Sec.4 of the Act of 1988......

...... This latter kind of property consists of property which is acquired with the aid or assistance of joint family property or without the aid or assistance of the joint family property provided if it is acquired jointly by two or more coparceners as a joint property. One of the main incidents of joint family property is that there is community of interest and unity of possession between all the members of the joint family, as a result thereof every member is entitled to joint possession and enjoyment of the property.

2014 (0) GLHEL - SC 54787 Supreme Court of India

Union Of India Versus Vasavi Co-operative Housing Society Ltd. Civil Appeal no.4702 / 2014 J.Date-07/01/2014.

Specific Relief Act,1963 - S.34 - Evidence Act,1872 - S. 101,102,103 - title of property burden of proof in case of suit for declaration of title and possession - held, urden of proof lies on plaintiff to prove title irrespective of the fact that defendant proves his case - in case defendant cannot prove title, no benefit could be given to plaintiff who claims to have title over suit property - entries in revenue records do not confer title over property.

Transfer of Property Act, 1882 - S.105,107 - Evidence Act,1872 - S. 35 - whether grant of PATTA creates title over

property in question - held, if the entries in Record of Rights carry evidentiary value, that itself would not confer any title on respondents - conferment of PATTA does not confer title - appeal allowed.

para - 12 " It is trite law that, in a suit for declaration of title, burden always lies on the plaintiff to make out and establish a clear case for granting such a declaration and the weakness, if any, of the case set up bythe defendants would not be a ground to grant relief to the plaintiff."

para - 15 " The legal position , therefore, is clear that the plaintiff in a suit for declaration of title and possession could succeed only on the strength of its own title and that could be done only by adducing sufficient evidence to discharge the onus on it, irrespective of the question whether the defendants have proved their case or not, We are of the view that even if the title set up by the defendants is found against, in the absence of establishment of plaintiff's own title, plaintiff must be non - suited.

આ કામે પ્રતિવાદી તરફથી 2010(0)GLHEL-SC-48793 Samirkumar Pal V/s. Saikh Akbar - Civil Appeal No.2398/2002, Date of Judgment - 28-07-2010.
(૨૦૧૦(૦)જીએલએચઈએલ–એસસી–૪૮૭૯૩નો ચુકાદો – સમીરકુમાર પાલ વિરૂધ્ધ શેખ અકબર – સીવીલ અપીલ નં.૨૩૯૮/૨૦૦૨ ચુકાદા તારીખ – ૨૮/૭/૨૦૧૦ રજુ કરેલ છે.) જેમાં કોઈપણ જાતના પ્લીડીંગ્સ વિના કે આધાર વિના જે મિલ્કત આવેલ તે જોઈન્ટ

ફેમીલી પ્રોપર્ટીની મિલ્કત હોવાનુ ઠરાવેલ તેને રદ કરવામાં આવેલ હોવાની ચર્ચા કરેલ છે.

સદર ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ તરફથી સ્પષ્ટ ઠરાવેલ છે કે,

para 10. The appellants have relied on Mst. Rukhmabai V/s. Lala Laxminarayan & Others AIR 1960 SC 335 in which this Court held that there is no presumption that any property whether movable or immovable held by a member of a joint Hindu family is joint family property. The burden lies upon the person who asserts that a particular property is joint family property to establish that fact.

para 11. .... There may be presumption that there is a Hindu Joint Family but there can be no presumption that the joint family possesses joint family properties.

para 12. The appellants further relied on Mudi Gowda Fowdappa Sankh V/s. RAm Chandra RAvagowda Sankh 1969 -1-SCC-386 wherein this Court held that, of course, there is no presumption that merely because the family is joint so the property is also joint. So the person alleging the property to be joint family property must prove it. In that case, this Court further held that the burden of proving that any particular property is joint family property is, therefore, in the first instance,upon the person who claims it to be coparcenary property. But if the possession of a mucleus of the joint family property is either admitted or proved, any acquisition made bya memeber of the joint family is prsumed to be joint family property. the Court carved out an

exception and observed that, "this is, however, subject to the limitation that the joint family property must be such as with its aid the property in question could have been acquired. It is only after the possession of an adequate nucleus is shown, that the onus shifts on the the person who claims the property as self-acquisition to affirmatively make out that the property was acquiredwithout any aid from the family estate"...... Randhi Appalaswami V/s.Randhi Suryanarayanamurti & Others ILR 1948 Mad 440 wherein the legal position of Hindu Law has been beautifully articulated by Sir John Beaumont. The relevant portion ofthe judgment is reproduced as under:

"**Proof of the existence of a joint family does not lead to the presumption that property held by any member of the family is joint, and the burden rests upon anyone asserting that any item of property was joint to establish the fact. But where it is established that the family possessed some joint property which from its nature and relative value may have formed the nucleus from which the property in question may have been acquired,the burden shifts to the party alleging self-acquisition to establish affirmatively that the property was acquired without the aid of the joint family property.**"

સદર ચુકાદાની હકીકત સબંધે વાદી તરફથી સંયુકત કુટુંબ હોવાનુ અને સંયુકત

રીતે મિલ્કત લઈ વિકાસ કરેલાનુ જયારે સ્પષ્ટ રીતે પ્લીડીગ્સ કરેલ હોય અને તે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે અને તે પુરાવાઓની ચકાસણી પ્રતિવાદી તરફથી તેઓના વિ.વ.શ્રી તરફથી લંબાણપુર્વકી ઉલટતપાસ કરેલ છે. પરંતુ મુળવાદી નં.૧બાવનજીભાઈનાઓએ કરેલ સોગંદનામુ તથા તેઓની દાવાની હકીકત બાબતે બાવનજીભાઈનાઓ ચાલુ દાવે ગુજરી ગયેલ હોવાથી વાદી તરફથી બાવનજીભાઈ કે જેઓ પ્રતિવાદીનં.૧ પિતા થતાં હતા તે આધારે તેઓ વ્દારા જે દસ્તાવેજો આ કામે રજુ કરેલ છે તે અને મિલ્કત ખરીદવા સબંધેનો તમામ પુરાવો રજુ કરેલ છે તે પુરાવાઓ વાદી નં.ર અને ૩ તરફથી પ્રતિપાદિત કરી પુરવાર કરવા અર્થેના પુરાવાઓ રજુ કરેલ હોય ત્યારે હાલના કેસના સંજોગો અને કેસની હકીકતોને ઘ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં.૧નાઓને સદર ચુકાદો લાભકર્તા ન હોવાનુ મારૂ નમ્ર માનવુ છે.

વાદીના વિ.વ.શ્રી તરફથી ઉપરોકત દલીલો તથા પુરાવાઓ અને ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત આધારે તથા કેસની હકીકતને લક્ષે લેતા, કૃષ્ણનગર ખાતેનો પ્લોટ પ્રતિવાદી નં.૧ના નામે ખરીદ કરવામાં આવેલ હોવાનુ આંક–૧૮૫ના આધારે કહી શકાય તેમ છે તે જ મુજબ બાંધકામ અંગેના દસ્તાવેજી પુરાવાઓમાં વાદી તરફે આંક–૧૨૨થી જરૂરી પથ્થરો પોતાની જમીનમાંથી મર્હુમ બાવનજીભાઈનાઓ લાવેલ અને બાંધકામ અંગેનો ખર્ચ બાવનજીભાઈએ કરેલ હોવા અંગે આંક–૧૪૫ના દસ્તાવેજને લક્ષે લેતા માની શકાય તેમ છે. વધુમાં, દાવાના કામે કરવામાં આવેલ કોર્ટ કમિશ્નરશ્રીનો રીપોર્ટ વંચાણે લેતા મિલ્કતમાં વાદી નં.ર,૩ અને પ્રતિવાદી નં.૧નાઓ સભ્યો રહેતા આવેલા હોવાનુ મિલ્કતને સંયુકત રીતે કબ્જો ભોગવટો કરતા હોવાનુ ફલીત થયેલ છે. દલીલ ખાતર માની લેવામાં આવે કે સદર કૃષ્ણનગરવાળી મિલ્કત પ્રતિવાદી નં.૧નાએ પ્લોટ ખરીદ કરેલ, પરંતુ જયારે બાંધકામ સબંધેના દસ્તાવેજ વાદી તરફથી રજુ કરવામાં આવેલ અને પુરવાર થયેલાનુ માનવામાં આવેલ હોય ત્યારે પ્લોટને સંયુકત કુંટુબની મિલ્કતમાં ભેળવી દઈ મર્હુમ વાદી બાવનજીભાઈએ તેમાં પથ્થરો, તથા અન્ય બાંધકામ સબંધી ખર્ચ કરેલ હોય ત્યારે પ્લોટ ઉપર બાંધકામની કામગીરી સંયુકત કુટુંબમાંથી કરવામાં આવેલ હોય અને હાલના તબકકે સદર પ્લોટમાં કરવામાં બાંધકામમાં જે મકાનો બાંધવામાં આવેલછે તેમાં વાદીઓ અને પ્રતિવાદી નં.૧નાઓ પોતાની સગવળ અનુસાર બાંધકામ કરી રહેતા આવેલાનુ પ્રસ્થાપિત થયેલ છે. આમ, વાદીઓ પૈકી બાવનજીભાઈ તથા વાદી નં.ર અને ૩નાઓએ સદર દાવાવાળી

કૃષ્ણનગરવાળી મિલ્કત ખરીદ કરવામાં, બાંધકામમાં તથા મિલ્કતને વિકાસવવામાં પોતાનુ યોગદાન આપેલ હોવાનુ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ફલીત થતું હોવાથી, પ્રતિવાદીએ સદર કૃષ્ણનગરવાળી મિલ્કત ખરીદીમાં મહત્વનુ યોગદાન પ્રદાન કરેલ હોય તો પણ પ્રતિવાદી નં.૧નાઓને સદર મિલ્કતમાં વાદીઓનો સાથ – સહકાર મળેલ હોવાથી સદર દાવાવાળી કૃષ્ણનગરવાળી મિલ્કત પ્રતિવાદી તરફથી પોતાના નામે ખરીદ કરી હોવા છતાં સંયુકતકુટુંબના વપરાશની ટેવના કારણે આપોઆપ પ્રતિવાદીએ કોમન સ્ટોક – સંયુકત કુટુંબમાં પોતાનો ભાગ ભેળવી કુટુંબીઓના સાથ સહકારને કારણે વિકાસ કરેલ હોવાનુ માની શકાય તેમ છે.આ કામે હાલમાં સદર કોર્ટ કમિશ્નરશ્રીના રીપોર્ટ આધારે હાલના વાદીઓ તેમજ પ્રતિવાદી મગનભાઈ બાવનજીભાઈનાઓ જે સ્થળ સ્થિતિનો કબ્જો ધરાવે છે તેમાં કોઈપણ પક્ષકારને વાંધો તકરાર ન હોવાનુ માની શકાય તેમ હોય અને પક્ષકારો સમજી વિચારીને તે મુજબની વ્યવસ્થા સ્વીકારેલ હોવાનું માની શકાય તેમ છે. જેથી ઉપરોકત તમામ ચર્ચાના આધારે કૃષ્ણનગરવાળી મિલ્કત સંયુકત મિલ્કત હોવાનુ રજુ થયેલ પુરાવાઓ ઉપરથી ફલીત થાય છે.સદર હકીકતને વાદી તરફથી રજુ કરેલ ચુકાદાનુ સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ માની શકાય તેમ છે કે, પ્રતિવાદીએ પોતાના નામે મિલ્કત ખરીદ કરેલ પરંતુ કોમન સ્ટોક એટલે કે સંયુકત મિલ્કતમાં સંયુકત કુટુંબના સભ્યો વચ્ચે તેઓ આપેલ ભાગના કારણે સાથે વિકાસ કરેલ હોવાથી ,

Citation: [1970] 2 SCC 390/ [1971] 1 SCR 522/ [1970] 0 Supreme(SC) 261/ [1970] 0 AIR(SC) 1722

Case Name: Goli Eswariah Vs. Commissioner Of Gift Tax, A.P.

Para - 6. To pronounce on the question of law presented for our decision, we must first examine what is the true scope of the doctrine of throwing into the common stock or common hotchpot . It must be remembered that a Hindu family is not a creature of a contract. As observed by this Court in Mallesappa Bandeppa Desai v. Desai Mallappa,

(1961) 3 SCR 779 that the doctrine of throwing into common stock inevitably postulates that the owner of a separate property is a coparcener who has an interest in the coparcenary property and desires to blend his separate property with the coparcenary property. The existence of a coparcenary is absolutely necessary before a coparcener can throw into the common stock his self acquired properties. The separate property of a member of a joint Hindu family may be impressed with the character of joint family property if it is voluntarily thrown by him into the common stock with the intention of abandoning his separate claim therein. The separate property of a Hindu ceases to be a separate property and acquires the characteristic of a joint family or ancestral property not by any physical mixing with his joint family or ancestral property but by his own volition and intention by his waiving and surrendering his separate rights in it as separate property. The act by which the coparcener throws his separate property to the common stock is a unilateral act. There is no question of either the family rejecting or accepting it. By his individual volition he renounces his individual right in that property and treats it as a property of the family. No longer he declares his intention to treat his self acquired property as that of the joint family property, the property assumes the character of joint family property. The doctrine of throwing into the

common stock is a doctrine peculiar to the Mitakshara School of Hindu law. When a coparcener throws his separate property into the common stock, he makes no gift under Chapter VII of the Transfer of Property Act. In such a case there is no donor or donee. Further no question of acceptance of the property thrown into the common stock arises.

આ તબકકે વાદી તરફથી એ.આઈ.આર.૧૯૬૦ પંજાબ ૨૨૬ રજુ કરેલ છે. સદર ચુકાદાની હેડ નોટ " ડી " ને વંચાણે લેતા,

(D) Hindu Law - Joint family- Presumption with regard to .

Given a joint Hindu family the presumption is unless the contrary is proved, that it continues joint, such presumption is stronger in the case of real brothers. It is true that there is no presumption that the joint family possessed any joint property is conceded to have come down from the father the inference is irresistible that until and unless a partition is proved the brothers continue to hold the property as coparcerners,   AND

AIR 1991 kerala 148 Smt. Meenakshy and others VERSUS Smt. Vellakutty alias Kamala and others.

A.S.No.190 of 1982 , D. 23-3-1990

Hindu Law - Blending of self acquired Property with joint family property - Co-parcener expressing his intention to abandon his separate exclusive right and concede

property as belonging to joint family consisting of himself and one other person - Such property should be treated to be joint family property - However, co-parcerner having only half share in the said property, in suit for partition his six heirs would be entitled to1/12th share each and not 1/ 6th share as claimed by them.

ઉપરોકત ચુકાદાની સાથે સાથે વાદી તરફથી રજુ કરેલ ચુકાદો એ.આઈ.આર.૧૯૫૪ એસ.સી.૩૭૯ શ્રીનીવાસ કિષ્ના રાઉ કાનુગો વિરૂઘ્ધ નારાયણ દેવજીભાઈ કાનુગો અને બીજાઓના ચુકાદામાં નામાદર સુપ્રિમ કોર્ટ તરફથી આપેલ ચુકાદો તથા એ.આઈ.આર. ૧૯૫૯ સુપ્રિમ કોર્ટ ૯૦૬ના ચુકાદો તથા નામદાર સુપ્રિમકોર્ટ વ્દરા એ.આઈ.આર.૧૯૬૯ સુપ્રિમકોર્ટ ૧૦૭૬ના ચુકાદાઓના આધારે વાદીઓ પૈકી બાવનજીભાઈ તથા વાદી નં.ર અને ઉનાઓએ સદર દાવાવાળી કૃષ્ણનગરવાળી મિલ્કત ખરીદ કરવામાં, બાંધકામમાં તથા મિલ્કતને વિકાસવવામાં પોતાનુ યોગદાન આપેલ હોવાનુ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ફલીત થતું હોવાથી, પ્રતિવાદીએ સદર કૃષ્ણનગરવાળી મિલ્કત ખરીદીમાં મહત્વનુ યોગદાન પ્રદાન કરેલ હોય તેથી તેઓના નામે મિલકત ખરીદ કરવામાં આવેલ, તો પણ પ્રતિવાદી નં.૧ નાઓને સદર મિલ્કતમાં વાદીઓનો સાથ – સહકાર મળેલ હોવાથી સદર દાવાવાળી કૃષ્ણનગરવાળી મિલ્કત પ્રતિવાદીનં.૧ નામે ફકત ખરીદ કરી હોવા માત્રથી સ્વપાર્જિત મિલકત માની શકાય નહી, વધુમાં, સંયુકત કુટુંબના કોઈપણ સભ્યના નામથી મિલકત ખરીદ કરવામાં આવેલ હોય ત્યારે બેનામી એકટ લાગુ પાડી શકાય નહી તેવી દલીલ વાદીના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ છે. સદર હકીકતના આધારે પક્ષકારો વ્દારા જયારે મિલ્કત ખરીદ કરવામાં આવેલ ત્યારે કોઈ એક નામથી ખરીદ કરવાથી કોઈનોભાગ ડુબી જશે તેવી કોઈ પણ તકરાર કે હકીકત કે લખાણ પણ પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ ન હતુ.પરંતુ ઉપરોકત તમામ ચર્ચાના આધારે મર્હુમ બાવનજીભાઈનાએ સદર મિલકતમાં જે જરૂરી,સમયાંતરે જરૂરી નાણાં,ચીજવસ્તુ વિગેરેની જરૂરીયાતો ઉભી થયેલ તે પુરી પાડેલ હોય અને સદર મિલ્કત ખરીદ કરવા,વિકાસ કરવા,રહેણાંક હેતુ બનાવવા સંયુકત કુટુંબ તરફથી તમામ પ્રયત્નો સયુકત રીતે થયેલાનુ ફલીત થયેલ હોય ત્યારે તથા હાલના

તબકકે સદર મિલ્કતનો ઉપયોગ,ઉપભોગ, સંયુકતકુટુંબના વપરાશની ટેવના કારણે આપોઆપ સદર મિલકત કોમન સ્ટોક – સંયુકત કુટુંબમાં ભેળવી કુટુંબીઓના સાથ સહકારને કારણે વિકાસ કરેલ હોવાનુ માની શકાય તેમ છે. જેથી ઉપરોકત તમામ ચર્ચાના આધારે કૃષ્ણનગરવાળી મિલ્કત સંયુકત મિલ્કત હોવાનુ રજુ થયેલ પુરાવાઓ ઉપરથી ફલીત થાય છે.

આ કામે હડમતીયા ગામે આવેલ ખેતીની જમીન બાબતે જયારે વાદી તરફથી પોતાના દાવાના પ્લીડીંગમાં જ વડીલોપાર્જિત મિલકત બાવનજીભાઈને મળેલ હોય અને આ કામના વાદીઓને સદર ખેતીની જમીન વડીલોપાર્જિત હોવા સબંધે કોઈ તકરાર ન હોવાથી સદર મિલકત સંયુકત કુટુંબની હોવા અંગે કોઈ પ્રશ્ન રહેતો ન હોવાનુ માની શકાય તેમ છે.

વધુમાં, પ્રતિવાદી નં.ર,૩ અને ૪નાઓ મર્હુમ બાવનજીભાઈ ઉર્ફે બાવા મનજીભાઈ ધામેલીયાની દિકરીઓ થતી હોવાથી તેઓના ભાગ સબંધેની હિન્દુ સકશેસન એકટની જોગવાઈઓ આધારે શેડયુલ – એ મુજબના વારસો થતાં હોય સદર તમામ મિલ્કત સબંધે ઉપરોકત ચર્ચાના આધારે મિલ્કતની વહેચણી થતુ હોવાનુ માની શકાય તેમ છે.

ઉપરોકત ચર્ચાના આધારે વાદી તરફથી મુદ્દા નં.૧ અને ર નાઓ પૈકી મુદ્દા નં.૧ ને પુરવાર કરેલ છે જયારે મુદ્દા નં.ર સબંધે હિંદુ સંયુકત અવિભકત કુટુંબની મિલકતમાં સીધી લીટીના વારસોનો અધિકાર હોવાનુ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે થતો હોવાથી મુદ્દા નં.ર નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં. – ૩

આ કામના પ્રતિવાદી તરફથી પોતાના દાવાના જવાબમાં પક્ષકારના બાધ સબંધે તકરાર લીધેલ છે કે, આ કામના વાદીના દાવામાં વાદીઓ તરફથી યોગ્ય, વ્યાજબી પક્ષકારને જોડેલ ન હોવાથી વાદીના દાવાને બાધ નડતો હોવાથી વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલછે.આ કામના વાદી તરફથી હાલનો દાવો પક્ષકારો વચ્ચે થયેલ કરાર / લખાણના આધારે દાખલ કરેલ છે. સદર દાવામાં પક્ષકારો વચ્ચે થયેલ મિલ્કત વહેચણ મુજબ જયારે દાખલ કરેલ હોય અને મિલકત જે પક્ષકારો વચ્ચે વહેચણી થયેલી તે જ પક્ષકારોને જ

દાવામાં પક્ષકાર બનાવેલ છે. પ્રતિવાદી તરફથી વાદીના દાવાને પક્ષકારનો બાધ નડતો હોવાની જે તકરાર લીધેલ તે સબંધે કોઈ ચોકકસ,ઠોસ અને વ્યાજબી પુરાવો,કારણો અને કાયદાની જોગવાઈઓ આધારે તે મુજબની તકરાર સબંધેની હકીકતો અંગેનો પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ નથી. આ કામે પ્રતિવાદી તરફથી પક્ષકાર સબંધે જે તકરાર લીધેલ છે તે અંગે વાદીએ પોતાના દાવામાં સ્પષ્ટ હકીકત જણાવેલ છે કે તેઓ આંક–૧૪૫ટી ના કરાર આધારે હાલનો દાવો રજુ કરી પક્ષકારો વચ્ચે મિલ્કતના ભાગો પડી ગયેલા છે. આમ, દાવાની હકીકતને ખંડન કરવા અર્થે પ્રતિવાદી તરફથી સદર કામચલાઉ આંક–૧૪૫ટીની વિરૂધ્ધમાં કોઈ ચોકકસ,ઠોસ અને માની શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી.

આ તબકકે ભારતીય પુરાવા અધિનીયમની કલમ – ૩ને વંચાણે લેતા, પ્રુવ,ડીસપ્રુવ અને નોટપ્રુવના સિધ્ધાંત આધારે વાદી તરફથી સદર કામચલાઉ દસ્તાવેજ (કંટેટ)ની હકીકતો રજુ કરેલ છે જે આધારે પ્રતિવાદી તરફથી સદર દસ્તાવેજને ડીસપ્રુવ કરવા અર્થેનો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આમ, પ્રતિવાદી તરફથી ફકત મુદૃો ઉભો કરી તેનો બોજો સામાવાળાપક્ષ ઉપર છોડી દેવાથી તે હકીકત પુરવાર થયેલાનુ માની શકાય નહી જેથી સદર હકિકત પ્રતિવાદીએ પુરવાર કરવા અર્થે કોઈ ચોકકસ,ઠોસ અને માનવા લાયક પુરાવો, કાયદાની જોગવાઈઓ કે રજુ કરેલ ચુકાદાઓમાંથી પ્રતિવાદીની તકરારને સમર્થન થાય તેવી હકીકત ફલીત થયેલ નથી. વધુમાં, આ કામનો પુરાવો શરૂ થતાં પહેલા વાદીનં.૧ બાવનજીભાઈ તથા વાદી નં.૪ રૂક્ષમણીબેન બાવનજીભાઈનાઓનુ અવસાન થયેલ જેથી પ્રતિવાદીની તકરાર મુજબ બહેનો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ છે. આમ, પ્રતિવાદી તરફથી ઉઠાવેલ તકરાર અંગે કેસ પુરાવાના તબકકે આવતા પહેલા જ વારસો રેકર્ડ ઉપર હાજર થયેલ હોવાથી પ્રતિવાદીની તકરાર કાયદા કે હકીકતમાં ચાલવાપાત્ર ઠરતી ન હોવાથી મુદૃા નં.૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

મુદૃા નં.૪

આ કામના પ્રતિવાદી તરફથી પોતાના જવાબમાં વાદીનોદાવો યોગ્ય કોર્ટ ફી સ્ટાંપ ઉપર આણેલ ન હોવાથી વાદીનો દાવો ટકવાપાત્ર ન હોવાનુ જણાવેલ છે. વાદીએ પોતાનો દાવો ૧૫/૧૦/૧૯૯૯ના રોજ દાખલ કરેલ છે. સદર દાવા તારીખે વાદીએ પોતાની દાવા અરજના પેરા – ૧૭માં દાવાનો આંક તથા કોર્ટ ફી સબંધે પેરા – ૨૦માં તમામ હકીકતો

દર્શાવેલ છે તે સબંધે પ્રતિવાદી તરફથી કોઈ ચોકકસ, ઠોસ અને માની શકાય તેવી હકીકતો કે પુરાવાઓ કોર્ટ ફી સબંધે રજુ કરેલ નથી. પ્રતિવાદીની આંક–૧૮૨ના મૌખિક પુરાવાને વંચાણે લેતા, કોર્ટ ફી આંક સબંધે પ્રતિવાદી તરફથી મિલ્કતની ચોકકસ કિંમત,માપ,દરેક મિલકત સબંધે વાદીએ પક્ષકારોના ભાગ અંગેની જે ચર્ચા કરી તેના આધારે જે આંક બાંધેલ છે અને કોર્ટ ફી ચુકવેલ છે તે સબંધે પ્રતિવાદી કઈ મિલકતની કેટલી કિંમત આંકી કેટલી કોર્ટ ફી ઓછ આંકેલ છે તે સબંધે ચોકકસ સરકારી કચેરીના રેકર્ડ તથા કિંમત અંગેના પુરાવાઓ રજુ કરેલ ન હોવાથી પ્રતિવાદીની કોર્ટ ફી સબંધેની તકરાર પ્રતિવાદી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોવાથી મુદ્દા નં.૪નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

મુદ્દ નં. – ૫

આ કામના પ્રતિવાદી તરફથી વાદીનો દાવો ડીલે, લેચીઝ અને એકવીયન્સીસના સિધ્ધાતનો બાધ નડતો હોવાથી વાદીનો દાવો ચાલવાપાત્ર ન હોવાની જે તકરાર લીધેલ છે તે આધારે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી તરફથી મુદ્દો ઘડવામાં આવેલ છે.

આ કામે સદર ડીલે,લેચીઝની હકીકત નિર્ણીત કરવા માટે દરેક કેસની હકીકત અને તેના સંજોગો ઉપર આધાર રાખી શકાય. આ તબકકે SIR BARNES PEACOCK, long ago, in Lindsay Petroleum Co. V/s. Hurd thus:

"Now the doctrine of laches in Courts of Equity is not an arbitrary or a technical doctrine. Where it would be practically unjust to give a remedy either because the party has, by his conduct, done that which might fairly be regarded as equivalent to a waiver of it, or where by his conduct and neglect he has, though perhaps not waiving that remedy, yet put the other party in a situation in which it would not be reasonable to place him if the remedy were afterwards to be asserted, in either of these cases, lapse of

time and delay are most material. But in every case, if an argument against relief which otherwise would be just, is founded upon mere delay, that delay of course not amounting to a bar by any statute or limitation, the validity of that defence must be tried upon principles substantially equitable. Two Circumstances, always important in such cases are the length of the delay and the nature of the acts done during the interval, which might affect either party and cause a balance of justice or injustice in taking the one course or the other, so far as it relates to the remedy "

આ કામના વાદી તરફથી દાવાના કારણ અંગે પેરા – ૧૮માં સ્પષ્ટ હકીકતો દર્શાવેલ છે અને તેમાં સપ્ટેમ્બર,૧૯૯૯ની અરસામાં પ્રતિવાદીએ વાદીઓને જગ્યાનો કબ્જો છોડી દેવા માટે ધમકી આપવાનુ શરૂ કરતા અને વાદીઓના હકકનો ઈન્કાર કરતા વાદીઓ તરફથી હાલનો દાવો ઓકટોબર,૧૯૯૯માં રજુ કરવામાં આવેલ છે.

હાલના દાવાની વિષયવસ્તુ,પક્ષકારોનો સબંધ, મિલકતની સ્થિતિ,મિલ્કત પરત્વે હકક,વાપર–વપરાશ અને પક્ષકારોને કાયદાકીય સમજ અંગેની હકીકતો ઘ્યાને લેતા, આ કામના વાદીઓને જયારે પોતાના હકકને નુકશાન થતુ હોવાની અને હકકો ડુબતા હોવાની સ્થિતિ જણાતા હાલનો દાવો રજુ કરેલ છે. આ કામે બાવનજીભાઈ મનજીભાઈનાઓ ખેતીની જમીન હડમતીયા ગામે ખેડતા હતા અને હવામાનની અસરના કારણે થયેલ આર્થિક નુકશાન અને આવક અંગેની સ્થિતિ અનુસાર પક્ષકારો જામનગર ખાતે આવક મેળવવા માટે રહેવાની શરૂઆત કરેલ હોવાનુ ફલીત થયેલ હોય ત્યારે અને દાવાનુ કારણ જે સમયે ઉપસ્થિત થાય તે આધારે લીમીટેશન એકટના આર્ટીકલ્સને વંચાણેલેતા, વાદીએ દાવાનુ કારણ જે દર્શાવેલ છે તેના ખુબ જ ટુંકાસમયમાં વાદીએ હાલનો દાવો રજુ કરેલ હોવાથી વાદીની તત્પરતા અને સમયબઘ્ઘતાને ઘ્યાને લેતા વાદીને ડીલે, લેચીઝ અને એકવીયન્સીસના સિઘ્ધાંતોનો બાધ નડતો હોવાની હકીકત પુરવાર થયેલ નથી. સદર ડીલે–લેચીઝ બાબતે ઉપરોકત ચર્ચાના આધારે પ્રતિવાદીએ સ્પષ્ટ,ચોકકસ

અને ઠોસ રીતે સદર વાદીના દાવાને ડીલે,લેચીઝનો બાધ નડતો હોવા બાબતેનો પુરાવો રજુ કરવો આવશ્યક હોવા છતાં આ કામે તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.

આમ,વાદી તરફથી દાવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે તેના સમયમર્યાદાની અંદર તત્પરતા અને સમયબધ્ધતા મુજબ તુરંત જ દાખલ થયેલ હોવાથી, વાદીના દાવા ડીલે, લેચીઝ અને એકવીયન્સીસનો બાધ નડતો ન હોવાથી, પક્ષકારોના પુરાવાના આધારે મુદ્દા નં.પનો જવાબ નકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં.– ૬ અને ૭ :–

આ કામે આંક –૧૧૦થી જે મુદ્દાઓ ઘડવામાં આવેલ છે તે વંચાણે લેતા, મુદ્દા નં.૬ અને મુદ્દા નં. ૭ને સુયુકત ચર્ચા કરવાથી હકીકતોનુ પુનરાવર્તન ટાળી શકાય તેમ હોવાથી સમય, શકિતનો બચાવ થઈ શકે અને પુનરાવર્તન ટાળી શકાય તેમ હોવાથી મુદ્દા નં.૬ અને ૭ની ચર્ચા સાથે કરવાનું ન્યાયોચિત માની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે વાદી તરફથી પોતાની દાવા અરજીના પેરા – ૧૬માં જે દાદો માંગેલ છે તે ધ્યાને લેતા થયેલ લખાણ મુજબનું કાયદેસર પાર્ટીશન કરવા માટે, શીડયુલ – એમાં જણાવેલ મિલ્કતમાં વાદી અ પ્રતિવાદીનો સમાન ૧/પ હિસ્સો ઠરાવી કોર્ટ વ્દારા કમીશ્નર નીમી દરેક હકકદાર પક્ષકારનો થતો હિસ્સો જુદો પડાવી તેનો શાંત,ખાલી,પ્રત્યક્ષ,બજનશ કબ્જો અપાવવા,સદર મિલકત સબંધે કાયમી મનાઈ હુકમ મેળવવા વિગેરે દાદ માંગેલ છે તે સબંધે મુદ્દા નં.૬ અંગે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે જયારે સદર તમામ મિલ્કત હિંદુ સંયુકત અવિભકત કુટુંબની હોવાનુ રજુ થયેલ પુરાવાઓ,દલીલો તથા ચુકાદાઓને આધારે ઉપરોકત મુદ્દાઓની ચર્ચામાં પ્રસ્થાપિત થયેલહોય ત્યારે વાદી તરફથી પેરા – ૧૬માં (બી) મુજબની દાદ મંજુર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનુ માની મુદ્દા નં.૬નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને મૃદ્દા નં.૭ નો જવાબ અશંતઃહકારમાં આપવામાં આવે છે.

આમ, ઉપરોકત ચર્ચાના આધારે પક્ષકારો તરફથી રજુ કરેલ પક્ષનિવેદનો, પુરાવાઓ,દલીલો,ચુકાદાઓ તથા પક્ષકારીની સ્થિતિને ધ્યાને લેતા આ કામે ઉપરોકત ચર્ચા આધારે મર્હુમ બાવનજીભાઈ મનજીભાઈનાઓને મળેલ ખેતીની જમીનમાંથી ઉપજ લઈ તેઓના સંતાનો વાદી નં.ર,૩ અને પ્રતિવાદીઓને ભણાવી,ગણાવી,ઉછેરી મોટા કરી લગ્ન

કરાવી આપેલ અને જીવનના અંત સમય પહેલા મર્હુમ બાવનજીભાઈએ પોતાના જ મોટા સંતાન વિરૂઘ્ધ હાલનો દાવો દાખલ કરી પોતાના જીવન દરમ્યાન જે કાંઈ મિલ્કતો વસાવેલ તે સબંધે કોઈ સંતાનને ઉણપ ન આવે અને તેવા હેતુથી મિલ્કતો વસાવી દરેક સંતાનને યોગ્ય વ્યવસ્થા કરવા અર્થેની કાર્યવાહી મુજબ તથા દિકરીઓને લગ્ન કરી તેઓનો સંસાર સુખેથી ચાલે તે મુજબનું વર્તન પક્ષકારો વ્દારા કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ હોય ત્યારે અને ઉપરોકત મુદ્દાઓ પૈકી મુદ્દા ૧. હકારમાં., ૨.હકારમાં., ૩.નકારમાં., ૪.નકારમાં.,૫.નકારમાં.,૬. હકારમાં.,૭.અશંતઃ હકારમાં જવાબઓ નિર્ણીત થયેલ હોવાથી આખરી મુદ્દા નં.૮ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

–: <u>આ ખ રી હુ ક મ</u> :–

(૧) વાદીઓનો દાવો આથી અશંતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પરિશિષ્ટ–અ માં દર્શાવેલ જામનગર તાલુકાના હડમતીયા ગામની સીમ જમીન રે. સ.નં.૨૩૨ એકર ૫–૨૦ ગુંઠાવાળી હે. આ.૨–૨૨–૫૮વાળી ખેતીની જમીનમાં હયાત વાદીઓ તથા પ્રતિવાદીઓ કે જેઓ,વાદી ૨. ધીરજલાલ બાવનજી ધામેલીયા,૩. રતીલાલ બાવનજી ધામેલીયા ઉર્ફે રમેશ બાવનજી ધામેલીયા, તેમજ પ્રતિવાદી નં.૧. મગનલાલ બાવનજી ધામેલીયા,૩. નીર્મળાબેન બાવનજીભાઈ ધામેલીયા,૪. જયશ્રીબેન બાવનજીભાઈ ધામેલીયાનો મળી દરેક પક્ષકારને ૧/૬ હીસ્સો મળવાપાત્ર થાય છે તેવુ ઠરાવી આપવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) સદર હુકમ મુજબનુ પ્રાથમીક હુકમનામુ દોરવાનો આથી ન્યાયના વિશાળ હિતમાં હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) સદર પ્રાથમીક હુકમનામાની કાર્યવાહી અર્થે સદર પ્રાથમીક હુકમનામાની સી.પી.સી.કલમ ૫૪ તથા સી.પી.સી.ઓર્ડર ૨૦ રૂલ ૧૮ મુજબ એક સહી–સિકકાવાળી નકલ સ્થળ ઉપર હિસ્સા વહેંચણી હદહુદથી કરવા અર્થે કલેકટરશ્રી,જામનગરનાઓને અલગ યાદી કરી,કોઈ કાયદાનો બાધ ન આવે તે

રીતે વાદગ્રસ્ત મિલ્કતના એકસરખા છ હીસ્સા પાડી મીટસ એન્ડ બાઉન્ડ નકકી કરી પાર્ટીશન કરવા બાબતે દિન–૬૦માં રીપોર્ટ કરવા માટે પ્રાથમીક હુકમનામા સાથે કલેકટરશ્રીને યાદી કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૫) કલેકટરશ્રી તરફથી કરવામાં આવેલ રીપોર્ટ આધારે પક્ષકારોને સાંભળી આગળની કાર્યવાહી કરી આખરી હુકમનામુ કરવુ. વધુમાં આ કામે આખરી હુકમનામુ કરવામાં ન આવે ત્યાંસુધી પ્રતિવાદી ધ્વારા વાદવાળી મિલ્કતની યથાવત સ્થિતિ જાળવી રાખવી તેવો મનાઈહુકમ આપવામાં આવે છે.

(૬) આ કામના પક્ષકારો તરફથી પરિશિષ્ટ એ માં જામનગર શહેરમાં રેવેન્યુ સર્વે નં.૨૯/૪ પૈકીના પ્લોટના ૨૩/૨વાળી જગ્યા કે જેના ચોરસ ફુટ ૨૮૦૦ચો.મી.૨૬૦.૧૨ છે જેનુ વિશેશ વર્ણન હદદિશા તા.૧૭/૬/૧૯૭૮નાં વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૪૪૯માં આપવામાં આવેલ જગ્યા જનતા સોસાયટીની બાજુમાં આવેલ જેમાં હાલની સ્થિતિ મુજબ મુળવાદી મર્હુમ બાવનજીભાઈ મનજીભાઈના હિસ્સાવાળી મિલ્કતમાં પ્રતિવાદી નં.૨ થી ૪નો હિસ્સો ઠરાવવામાં આવે છે.પ્રતિવાદી મગનલાલ બાવનજીભાઈ ધામેલીયાનાઓ સદર મિલ્કતમાં હાલના દાવામાં તેમજ કોર્ટ કમિશ્નરશ્રીના રીપોર્ટ આંક–૧૬૫ મુજબ તેઓના કબ્જા પ્રતિવાદી નં.૧ મગનભાઈ બાવનજીભાઈએ જાળવી રાખવો.

(૭) દાવાનો ખર્ચ પક્ષકારે પોત – પોતે ભોગવવાનો આથી ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવામાં આવશે.

હુકમ આજ તારીખ ૨૩મી માહે – ડીસેમ્બર,૨૦૧૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૧૨/૨૦૧૫. (અભિલાષ એસ.દેશાઈ)

જામનગર. ૯મા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,જામનગર.

જીજે–૦૦૭૬૩.